dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 137 | AD - 2026, Fagan Sud - 05 | Sunday, Dt. 22-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### બ્રાઝિલના રાષ્ટ્રપતિ સહિત ૧૪ મંત્રીઓ અને કંપનીના ટોચના ઉધોગપતિઓ ભારતની મુલાકાતે

# ભારત અને બ્રાઝિલ ૨૦ બિલિયન વધુ દ્વિપક્ષીય વેપાર માટે પ્રતિબધ્ધ

નવી દિલ્હી, તા.૨૧

ભારત અને બ્રાઝિલના સંબંધોમાં આજે એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વા વચ્ચે હૈદરાબાદ હાઉસ ખાતે યોજાયેલી ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય બેઠકમાં બંને દેશોની અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે અનેક મહત્વપૂર્ણ સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રપતિ લુલા સાથે બ્રાઝિલના ૧૪ મંત્રીઓ અને ટોચની કંપનીઓના સીઈઓનું એક વિશાળ પ્રતિનિધિમંડળ ઉપસ્થિત રહ્યું હતું, જે બંને દેશો વચ્ચેના મજબૂત વ્યાપારી સંબંધોની સાક્ષી પૂરે છે. ભારત તરફથી આ બેઠકમાં વિદેશ મંત્રી એસ. જયશંકર, વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ સહિતના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. પીએમ મોદીએ રાષ્ટ્રપતિ લુલાનું ઉષ્માભર્યું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, "ભારત-બ્રાઝિલ સંબંધોને રાષ્ટ્રપતિ લુલાના વિઝનરી નેતૃત્વથી હંમેશા ફાયદો થયો છે. તેમની આ મુલાકાતે ઐતિહાસિક 'એઆઈ ઈમ્પેક્ટ સમિટ' (AI Impact Summit) ની શોભા વધારી છે અને આપણી વ્યૂહાત્મક ભાગીદારીને એક નવી ઉર્જા પૂરી પાડી છે. દરેક મુલાકાતમાં મેં ભારત પ્રત્યેની તેમની અતૂટ મિત્રતા અને વિશ્વાસનો અનુભવ કર્યો છે." આર્થિક સહયોગ અંગે વાત કરતા વડાપ્રધાને જણાવ્યું કે બ્રાઝિલ એ લેટિન અમેરિકામાં ભારતનું સૌથી મોટું વ્યાપારી ભાગીદાર છે. બંને દેશોએ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને ૨૦




બિલિયન ડોલરથી વધુના સ્તરે લઈ જવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. પીએમ મોદીએ ભારપૂર્વક કહ્યું કે, "અમારો વેપાર ફક્ત આંકડો નથી, પરંતુ પરસ્પર વિશ્વાસનું પ્રતિબિંબ છે." ભારત-મર્કોસુર વેપાર કરારનું વિસ્તરણ આ આર્થિક સંબંધોને વધુ મજબૂતી પ્રદાન કરશે. આ બેઠકમાં ખાસ કરીને 'મહત્વપૂર્ણ ખનિજો' અને 'દુર્લભ પૃથ્વી તત્વો' પર થયેલા કરારને એક મોટું પગલું ગણાવવામાં આવ્યું હતું. આ કરારથી ગ્લોબલ સપ્લાય ચેઈન મજબૂત બનશે. આ ઉપરાંત, સંરક્ષણ અને ટેકનોલોજી ક્ષેત્રે પણ સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. પીએમ મોદીએ આ ભાગીદારીને 'જીત-જીત' (Win-Win) સ્થિતિ ગણાવી હતી. પોતાના સંબોધનમાં રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વાએ ભારતને પોતાનું બીજું ઘર ગણાવતા કહ્યું કે, "છઠ્ઠી વખત ભારત આવવું એ મારા માટે સૌભાગ્યની વાત છે. આ મુલાકાત ગ્લોબલ સાઉથના બે સૌથી મોટા લોકશાહી દેશો વચ્ચેનું મિલન છે. આ એક ડિજિટલ સુપરપાવર અને રિન્યુએબલ એનર્જી સુપરપાવર વચ્ચેની મુલાકાત છે." તેમણે વધુમાં ઉમેર્યું કે ભારત અને બ્રાઝિલ બંને બહુપક્ષીયતા અને વિશ્વ શાંતિમાં અતૂટ વિશ્વાસ ધરાવે છે. રાષ્ટ્રપતિ લુલાએ વડાપ્રધાન મોદીના રિયો ડી જાનેરો બ્રિક્સ સમિટના નિવેદનને ટાંકીને કહ્યું કે, "અમે ૨૦મી સદીના જૂના ટાઈપરાઈટર પર ૨૧મી સદીનું સોફ્ટવેર ચલાવી શકીએ નહીં." તેમણે સંયુક્ત રાષ્ટ્ર (UN) ની સુરક્ષા પરિષદમાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બંને નેતાઓએ સંઘર્ષગ્રસ્ત વિશ્વમાં વિકાસ માટે શાંતિને અનિવાર્ય ગણાવી હતી. અગાઉ, વિદેશ મંત્રી એસ. જયશંકરે રાષ્ટ્રપતિ લુલા સાથે મુલાકાત કરી હતી અને સોશિયલ મીડિયા પર તેમની પ્રશંસા કરતા લખ્યું હતું કે, "આ મુલાકાત આપણા વ્યૂહાત્મક સંબંધોને નવી ગતિ આપશે."

# સંઘનું કાર્ય પોતાના નામને નહી પરંતુ દેશને ગૌરવ અપાવવાનું છે : મોહન ભાગવત

મેરઠ, તા. ૨૧

મેરઠ ખાતે યોજાયેલા ખેલાડી સંવાદ સેમિનારમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે હિન્દુ સમાજની એકતા અને સંઘની કાર્યપદ્ધતિ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. પોતાના સંબોધનમાં તેમણે સ્પષ્ટ જણાવ્યું કે ફક્ત પરસ્પર ભાઈચારાની ભાવના જ સમાજમાંથી જાતિવાદ, ભેદભાવ અને અસમાનતાને દૂર કરી શકે છે. યુજીસી સંબંધિત પ્રશ્નો અંગે તેઓએ કોઈ ટિપ્પણી કરી નહોતી. ખેલાડીઓ સાથેની ચર્ચા દરમિયાન



તેમણે જણાવ્યું કે સંઘનું મિશન પોતાનું નામ પ્રખ્યાત કરવાનું નથી, પરંતુ દેશને ગૌરવ અપાવવાનું છે. હિન્દુ સમાજમાં રહેલા વિભાજન અને વિઘટનને દૂર કરવા માટે ભાઈચારું અને પરસ્પર વિશ્વાસ અનિવાર્ય છે. તેમણે ખેલાડીઓને સ્થાનિક રમતગમત સંગઠનો સાથે સહકાર અને સંવાદ વધારવાની સલાહ આપી. સંઘની ૧૦૦ વર્ષની યાત્રા હિન્દુ સમાજને એકત્રિત કરવા પર કેન્દ્રિત રહી છે. સંઘને માત્ર રમતગમત અથવા રાજકારણના દૃષ્ટિકોણથી સમજી શકાય નહીં, પરંતુ તેની કાર્યપદ્ધતિમાં જોડાઈને જ તેને સાચી રીતે સમજાવી શકાય છે. ડૉ. હેડગેવાર અંગે ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે એક સમય એવો હતો જ્યારે કહેવાતું હતું કે ચાર હિન્દુઓ એક દિશામાં સાથે ચાલી શકતા નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હિન્દુ સમાજને સંગઠિત કરવા સંઘની સ્થાપના કરવામાં આવી હતી. શતાબ્દી નગર સ્થિત માધવકુંજ ખાતે મેરઠ અને બ્રજ ક્ષેત્રના આશરે ૯૫૦ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ સાથેની મુલાકાતમાં તેમણે જણાવ્યું કે સંઘ સત્તા પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખતો નથી. તેનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર હિન્દુ સમાજને સંગઠિત કરવાનો છે. હિન્દુ શબ્દ અંગે સમજાવતા તેમણે જણાવ્યું કે હિન્દુ કોઈ જાતિ નથી, પરંતુ એક સંસ્કૃતિનું વિશેષણ છે. વિવિધ પૂજા પદ્ધતિઓ હોવા છતાં એકતાની ભાવના જ આપણા રાષ્ટ્રની શક્તિ છે.

# મધ્યપ્રદેશમાં વરસાદનું એલર્ટ : પહાડી રાજ્યોમાં હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં ગરમીનો પારો વધ્યો

નવી દિલ્હી, તા.૨૧

દેશભરમાં હવામાનના મિશ્ર મિજાજ વચ્ચે અનેક રાજ્યોમાં વાતાવરણ પલટાયું છે. મધ્યપ્રદેશમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ લાઈન સક્રિય થવાને કારણે આગામી ચાર દિવસ સુધી વાવાઝોડા અને વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં પણ રાજ્યના ૨૦થી વધુ જિલ્લાઓમાં વરસાદ નોંધાયો છે, જ્યારે ૨૩-૨૪ ફેબ્રુઆરીએ નવી સિસ્ટમ સક્રિય થતા



દક્ષિણ-પૂર્વના જિલ્લાઓમાં તેની વધુ અસર જોવા મળશે. બીજી તરફ, ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં હળવો વરસાદ અને હિમવર્ષાનો દોર જારી છે. હવામાન વિભાગે ૨૨ ફેબ્રુઆરીએ ઉત્તરાખંડના પાંચ જિલ્લાઓ - ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર અને પિથોરાગઢમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. દક્ષિણ ભારતમાં કર્ણાટક, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં પણ ભારે વરસાદની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. રાજસ્થાનમાં હવે ઠંડીનું જોર ઘટતા તાપમાનમાં વધારો નોંધાયો છે, જ્યાં કેટલાક શહેરોમાં પારો ૩૦°C ને પાર કરી ગયો છે. હરિયાણામાં સવારે ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું, ખાસ કરીને હિસારમાં વિઝિબિલિટી ૫૦ મીટરથી પણ ઓછી રહી હતી. છત્તીસગઢમાં હાલ હવામાન સ્થિર છે, પરંતુ રાયપુરમાં મહત્તમ તાપમાન ૩૪.૨°C નોંધાતા ઉનાળાના આગમનના સંકેત મળી રહ્યા છે.

### નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને કોઈપણ શંકાસ્પદ વસ્તુ કે પ્રવૃત્તિ દેખાય તો તરત જ પોલીસને જાણ કરવાની અપીલ

# લશ્કર-એ-તૈયબા દ્વારા ભારતના ધાર્મિક સ્થળો પર હુમલાની આશંકા

ન્યુ દિલ્હી,તા.૨૧

પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા દ્વારા ભારતના કેટલાક મુખ્ય ધાર્મિક સ્થળો પર હુમલો કરવાની શક્યતા અંગે ગુપ્તચર એજન્સીઓને માહિતી મળી હોવાનું કહેવાઈ રહ્યું છે. આ માહિતીના આધારે શનિવારે દિલ્હીના મુખ્ય ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, આતંકવાદીઓ ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) દ્વારા હુમલો કરવાની યોજના બનાવી શકે છે. ખાસ કરીને લાલ કિલ્લો અને ચાંદની ચોક વિસ્તારને સંવેદનશીલ ગણવામાં આવ્યો છે. ચાંદની ચોક વિસ્તારમાં આવેલા એક મંદિરને નિશાન બનાવવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં મળેલી માહિતીની તપાસ ચાલી રહી છે, છતાં સુરક્ષા એજન્સીઓ કોઈપણ પ્રકારની બેદરકારી રાખવા તૈયાર



નથી. કેન્દ્રિય ગુપ્તચર એજન્સીઓ અને દિલ્હી પોલીસ સંયુક્ત રીતે કામગીરી કરી રહી છે. સંવેદનશીલ વિસ્તારોમાં CCTV કેમેરાની નજર વધારવામાં આવી છે, વાહનોની સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને વધારાનો પોલીસ બળ તૈનાત કરવામાં આવ્યો છે.તે ઉપરાંત બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ અને ક્વિક રિએક્શન ટીમોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી છે. મેટ્રો સ્ટેશનો, બજારો અને ધાર્મિક સ્થળોએ ખાસ ચકાસણી કરવામાં આવી રહી છે. સુરક્ષા અધિકારીઓએ નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને કોઈપણ શંકાસ્પદ વસ્તુ કે પ્રવૃત્તિ દેખાય તો તરત જ પોલીસ અથવા ઈમરજન્સી સેવાઓને જાણ કરવાની અપીલ કરી છે.અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે ગભરાવાની જરૂર નથી.

# બલુચિસ્તાનના લડવૈયાઓની કેદમાં રહેલા પાક. સૈનિકનો રડતો વીડિયો સામે આવ્યો


ઈસ્લામાબાદ,તા.૨૧

પાકિસ્તાનમા BLA દ્વારા વધુ એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે, જેમાં સાત પાકિસ્તાની સૈનિકો સરકાર પાસે મદદ માટે આજીજી કરતા જોવા મળે છે. વીડિયોમાં એક સૈનિક રડતા રડતા કહે છે કે તે વર્ષોથી પાકિસ્તાન માટે લડતો રહ્યો છે, છતાં આજે સેના તેને પોતાનો માનવા તૈયાર નથી. તે પોતાનું પાકિસ્તાની સેનાનું ઓળખપત્ર (ID કાર્ડ) બતાવીને પ્રશ્ન કરે



છે કે પછી તેને સૈનિક તરીકે કેમ નકારવામાં આવી રહ્યો છે.

આ વીડિયોના તે પાકિસ્તાની આર્મીના નિવેદનને સીધો પડકાર આપે છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમનો કોઈ પણ સૈનિક ગુમ નથી અને કોઈ ઉગ્રવાદી સંગઠનની કસ્ટડીમાં નથી. BLAએ જણાવ્યું છે કે ૧૪ ફેબ્રુઆરીએ આ સૈનિકોને પકડવામાં આવ્યા હતા




# યુપીમાં બાળકોના યૌન શોષણ મામલે પતિ-પત્નીને ફાંસીની સજા ફટકારતી બાંદા કોર્ટ

બાંદા,તા.૨૧

બાંદાની પોક્સો કોર્ટે બાળ યૌનશોષણના ગંભીર કેસમાં દોષિત પતિ-પત્નીને ફાંસીની સજા ફટકારી છે. ન્યાયાધીશ પ્રદીપ કુમાર મિશ્રાએ કડક શબ્દોમાં



જણાવ્યું કે આવા ગુનાઓ સમાજ માટે કલંક સમાન છે. આરોપીઓ બાળકોનું યૌનશોષણ કરીને અશ્લીલ વીડિયો અને ફોટા બનાવી ડાર્ક વેબ મારફતે વિદેશોમાં વેચતા હતા. વિરોધ કરનાર બાળકોને મારપીટ કરીને ધમકાવવામાં આવતા અને લાલચ આપીને ચૂપ કરાવવામાં આવતા. સીબીઆઈ તપાસ બાદ આરોપ સાબિત થતાં કોર્ટે કડક સજા સંભળાવી, જેને કારણે સમાજમાં કડક સંદેશ ગયો છે



નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને અભિનંદન પાઠવવામાં આવ્યો

# ગુજરાત મેરેજ રજીસ્ટ્રેશન એક્ટમાં સુધારાને વિશ્વ હિન્દુ પરિષદનો આવકાર

અમરેલી,તા.૨૧

ગુજરાત સરકાર દ્વારા ગુજરાત મેરેજ રજીસ્ટ્રેશન એક્ટ-૨૦૦૬માં કરવામાં આવેલ મહત્વપૂર્ણ સુધારાને વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી એકમ દ્વારા હર્ષભેર આવકારવામાં આવ્યો છે. જિલ્લા પ્રમુખ વિજયભાઈ દેસાઈ અને જિલ્લા મંત્રી ઈતેશભાઈ મહેતાના સંયુક્ત નિવેદનમાં જણાવાયું હતું કે સંસ્થા સનાતન સંસ્કૃતિના સંરક્ષણ અને દીકરીઓની સુરક્ષા માટે લાંબા સમયથી સક્રિય છે.તેમણે જણાવ્યું કે લગ્ન નોંધણી પ્રક્રિયામાં માતા–પિતાની સંકળાયેલાથી પારદર્શિતા વધશે અને છેતરપિંડીની શક્યતાઓ ઘટશે. અગાઉ કાયદામાં રહેલી ખામીઓનો કેટલાક તત્વો દ્વારા દુરુપયોગ થતો હોવાની ચર્ચા હતી. નવા સુધારા બાદ આવી પ્રવૃત્તિઓ પર નિયંત્રણ આવશે અને દીકરીઓને વધુ સુરક્ષા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.સંસ્થાના જણાવ્યા અનુસાર, રાજ્યના કાયદામંત્રી કૌશિકભાઈ વેકરીયાએ વિવિધ સ્તરે ચર્ચાઓ કરીને કાયદાને વધુ અસરકારક બનાવવાનો પ્રયાસ કર્યો હતો. આ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પણ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદે જણાવ્યું કે ઓળખાણ છુપાવીને થતા લગ્નો સામે વધુ કડક જોગવાઈ કરવાની જરૂર છે. સંસ્થા ભવિષ્યમાં પણ સમાજ જાગૃતિ અને દીકરીઓની સુરક્ષા માટે અડગ રહી કાર્ય કરતી રહેશે.

દીકરીઓની સુરક્ષા અને સંસ્કૃતિના સંરક્ષણ માટે ઐતિહાસિક પગલું

# GTUની MCA સેમ.-૩ની પરીક્ષામાં કાકડીયા મહિલા કોલેજ બીજા સ્થાને



અમરેલી,તા.૨૧

જીટીયુ દ્વારા તાજેતરમાં લેવાયેલી MCA સેમેસ્ટર ત્રણની પરીક્ષામાં ગજેરા કેમ્પસની એમ. એલ. કાકડીયા MCA મહિલા કોલેજે ટોપટેનમાં બીજું સ્થાન મળ્યું છે. GTU ટોપટેનમાં સંકુલની ચાર વિદ્યાર્થિની ચૌહાણ કૃપાલી બી. યુનિવર્સિટીમાં બીજુ-૯.૮૨ SPI, પટોળીયા હિનલ ડી. યુનિવર્સિટી સાતમું ૯.૬૮ SPI, નાદોડા નેન્સી એ. યુનિવર્સિટી યુનિવર્સિટીમાં આઠમું ૯.૬૪ SPI અને બાલધા હાર્મી આર. યુનિવર્સિટીમાં દસમું ૯.૬૪ SPI પ્રાપ્ત કરેલ છે. આ સફળતા બદલ અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી) શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક (ગર્લ્સ) સંકુલ તરફથી વિદ્યાર્થિનીઓ અને સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# રાજુલામાં દીકરીના લગ્ન પ્રસંગે ગૌશાળામાં રૂ.૫૧,૦૦૦નું દાન

રાજુલા,તા.૨૧

રાજુલા શહેરમાં માનવતા અને સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતો એક પ્રસંગ સામે આવ્યો છે. રાજુલાના જીવરાજભાઈ વાળા અને જયશ્રીબેન વાળાની લાડકી દીકરી હેમલબેન અને કાર્તિકના શુભ લગ્ન પ્રસંગે વાળા પરિવારે અનોખું કાર્ય કર્યું છે.આ શુભ અવસરે વાળા પરિવાર દ્વારા રાજુલાની પૂજા બાપુ ગૌશાળાને રૂપિયા ૫૧,૦૦૦ નું દાન આપવામાં આવ્યું હતું. લગ્નમાં હાજર તમામ મહેમાનોએ પરિવારના આ સદભાવના ભર્યા કાર્યને દિલથી બિરદાવ્યું હતું. વાળા પરિવારે આ પ્રસંગે જણાવ્યું હતું કે લગ્ન જેવા પ્રસંગે આનંદ ઉજવવો તો સૌ કોઈ કરે છે, પરંતુ સાથે-સાથે સમાજ અને જીવદયા માટે યોગદાન આપવું એ પણ એટલું જ મહત્વનું છે.

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનું અખિલ ભારતીય સંમેલન ઉજ્જૈન ખાતે યોજાશે

અમરેલી,તા.૨૧

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળ, રાષ્ટ્રીય મહિલા પરિષદ, રાષ્ટ્રીય છાત્ર પરીષદનું અખિલ ભારતીય હિન્દુ સંમેલન ૨૪-૨૫ ફેબ્રુઆરીના રોજ મધ્ય પ્રદેશના ઉજ્જૈન ખાતે યોજાશે. આ તકે રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવિણભાઈ તોગડીયા ઉપસ્થિત રહેશે. આ હિન્દુ સંમેલનમાં દેશભરમાંથી દરેક જિલ્લા ટીમ, પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. આ દરમિયાન આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનું સંગઠન મજબૂત બનાવાશે અને હિન્દુ સમાજ સંગઠીત થાય તેમજ હિન્દુ સંસ્કૃતિનો વ્યાપ વધારવા માટેના આયોજન કરવામાં આવશે. આ હિન્દુ સંમેલનમાં સહભાગી થવા માટે અમરેલી જિલ્લામાંથી નિર્મળભાઈ ખુમાણ, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી ડો. કિરીટભાઈ દેશાણી, ઈન્ડિયા હેલ્થ લાઈન પ્રમુખ સૌરાષ્ટ્ર પ્રાંતમાં સુરેશભાઈ સોલંકી, રાષ્ટ્રીય મજદૂર પરીષદ પ્રાંત પ્રમુખ દિલીપભાઈ બામટા, અમરેલી જિલ્લા પ્રમુખ રાષ્ટ્રીય બજરંગદળ હેમદિપભાઈ, અમરેલી જિલ્લા છાત્ર પરીષદ મહામંત્રી વિગેરે પદાધિકારીઓ તા ૨૨/૨/૨૦૨૬ના પ્રસ્થાન કરશે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

# જાફરાબાદના હેમાળ ગામે આજે આંતરરાષ્ટ્રીય રક્તદાન કેમ્પ

જાફરાબાદ,તા.૨૧

જાફરાબાદ તાલુકાના હેમાળ ગામે આજે ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ એક ઐતિહાસિક 'આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન સ્વામિનારાયણે ધોલેરામાં શ્રી મદનમોહનજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા કરી તેને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી, આ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં માનવસેવા અર્થે આ કાર્યક્રમ યોજાશે. આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી આયોજિત આ કેમ્પ સ્થાનિક શાળા ખાતે સવારે ૭:૩૦ કલાકે શરૂ થશે. આ રક્તદાન કેમ્પની વિશેષતા એ છે કે તે દેશ-વિદેશમાં વસતા હરિભક્તો દ્વારા એક જ સમયે અને એક જ દિવસે યોજવામાં આવશે. કેવળ ધાર્મિક ઉત્સવો જ નહીં, પરંતુ 'જનસેવા એ જ પ્રભુસેવા'ના મંત્રને સાર્થક કરવા માટે અનેક વિધ અનુષ્ઠાનો અને સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. હેમાળ ગામ અને આસપાસના વિસ્તારના લોકોને આ મહાયજ્ઞમાં જોડાઈ રક્તદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧|| || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
મંગલ શુભારંભ

શ્રી નાથજીબાવાની અસિમ કૃપાથી આપ સૌના સહકારથી
નવા રૂપરંગ સાથે નવા સ્થળ પર એજ જુનું અને જાણીતું નામ...
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
નામ થી શરૂ કરવા જઈ રહ્યા છીએ, તો આપ સર્વોને
પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.
તારીખ : ૨૨-૦૨-૨૦૨૬, રવિવાર સમય : સવારે ૯:૦૦ કલાકથી આપના આગમન સુધી
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
-: શુભેચ્છક:-
શ્રીનાથજી જવેલર્સ
ભીડભંજન રોડ, નેપ્ચ્યુન હોટેલ પાસે,
SBI બેંકની સામે, અમરેલી.
અંકિતભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૯૨૫૭ ૫૭૫૮૧ / ૯૨૬૫૦ ૯૫૯૭૭
શ્રી યમુના જવેલર્સ
હઠીલા હનુમાન મંદિર પાસે,
કાબરીયા ચોક, અમરેલી.
શ્રી વિરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૮૨૪૬ ૨૮૩૭૦
-: નિમંત્રક :-
શ્રી ચંદુભાઈ ગીરધરલાલ સોની - મો. ૯૯૧૩૪ ૯૯૧૦૩
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની - મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :-સા.કુંડલા, મોજેઃ- વંડા ના ખેડ ખાતા નં.૧૧૯૫ જેના રે.સર્વે નં.૨૩૬ પૈકી ૧, જેનુ કુલ. ક્ષેત્રફળ:-૦-૮૦-૯૪ હે.આરે.ચો.મી. તથા ખાતા નં.૧૧૯૬ જેના રે.સર્વે નં.૨૩૬ પૈકી ૨, જેનુ કુલ ક્ષેત્રફળ:-૧-૬૧-૮૮ હે.આરે.ચો.મી. તથા ખાતા નં.૧૧૭૭ જેના રે.સર્વે નં.૨૩૬ પૈકી ૩/પૈકી ૧,જેનુ કુલ ક્ષેત્રફળ:- ૧-૩૨-૪૫ હે. આરે.ચો.મી. (૧) પરસાણા નિલ ઘનશ્યામભાઈ (૨) પરસાણા ઘનશ્યામભાઈ હરદાસભાઈ (૩) પરસાણા ભારતીબેન ઘનશ્યામભાલ (૪) પરસાણા વંદનાબેન ઘનશ્યામભાઈ (૫) પરસાણા રિપાબેન ઘનશ્યામભાઈ સ.વા. ઘનશ્યામભાઈ (૬) પરસાણા નિલકુમાર ઘનશ્યામભાઈ સ.વા.ઘનશ્યામભાઈના નામે ચાલે છે. જે જુની શરતની છે. જે ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તાના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકતમા જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭મા પુરાવા સહિત લેખીત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકાર નો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ




## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામા આવે છે.અમારા અસીલ ઢોલરીયા વર્ષાબેન રાકેશભાઈ તથા બુસા જૈમીની સાગરભાઈ રહે બંને રાજકોટની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :-લીલીયા, મોજે–કાંકચના ખેડ ખાતા નં.૯૭૨ જેના રે. સર્વે નં.૩૩૯/૨ પૈકી ૨, જેનુ કુલ ક્ષેત્રફળ:-૦-૮૬-૦૦ હે.આરે.ચો.મી. (૧) દુધાત સંજયભાઈ વિરજીભાઈ,(૨) દુધાત વિપુલભાઈ વિરજીભાઈના નામે ચાલે છે. જે જુની શરતની છે. જે ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તાના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતમા જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટતથા અન્ય કોઈપણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તે માની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં...../૨૦૨૫

શ્રી મગનભાઈ ગભરૂભાઈ માંદલીયા
રહે. સલડી, તા.લીલીયા, જિ.અમરેલી ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી,સલડી ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારાશ્રી મગનભાઈ ગભરૂભાઈ માંદલીયાની પુત્રી કૈલાશબેન મગનભાઈ માંદલીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૭ ના રોજ સલડી મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં...../૨૦૨૫

શ્રી છગનભાઈ રાવજીભાઈ રામાણી
રહે.મોટા કણકોટ, તા.લીલીયા, જિ.અમરેલી ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, કણકોટ મોટા ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારાશ્રી છગનભાઈ રાવજીભાઈ રામાણીની પુત્રી રેખાબેન છગનભાઈ રામાણીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૧ના રોજ કણકોટ મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં...../૨૦૨૫

શ્રી છગનભાઈ રાવજીભાઈ રામાણી
રહે.મોટા કણકોટ, તા.લીલીયા, જિ.અમરેલી ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, કણકોટ મોટા ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારાશ્રી છગનભાઈ રાવજીભાઈ રામાણીનીપુત્રી ભાનુબેન છગનભાઈ રામાણીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૦ ના રોજ કણકોટ મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૫૯/૨૦૨૬

અરજદાર :- શ્રી રણછોડભાઈ માવજીભાઈ ચાવડા
રહે.સરંભડા, તા. જી.અમરેલી

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. સરંભડા, તા. જી. અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સરંભડા ગામમાં અરજદાર શ્રી રણછોડભાઈ માવજીભાઈ ચાવડા તેઓના નાના ભાઈ ચાવડા જયંતિલાલ માવજીભાઈની જન્મ(તા.૦૧/૦૬/૧૯૬૫)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૧/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**પાલિકાએ ચાલુ વર્ષ માટે ૬૫ ટકાથી વધુની વસુલાત કરી**

# પ્રજાને વેરા વધારાનો ડામ આપી બગસરા પાલિકાએ રૂ. ૫૮ લાખથી વધુ આવક રળી

બગસરા,તા.૨૧

બગસરા નગરપાલિકાએ આ વર્ષે ૬૫ ટકાથી વધુ વેરા વસુલાત કરી છે અને વર્ષના અંત સુધીમાં આ વસુલાત ૮૦ ટકા સુધી પહોંચવાની આશા છે. જોકે વિરોધ વચ્ચે પાલિકાએ પ્રજા પર વેરા નાખતા વેરા વધારા બાદ રૂ.૫૮ લાખથી વધુ આવકથી પાલિકાની તિજારી છલકાઈ છે. બગસરા નગરપાલિકાએ આ વર્ષે પાણીવેરો, ભુગર્ભ ગટર વેરો, સ્ટ્રીટલાઈટ વેરો નાખી પ્રજા પર આર્થિક ડામ લાદ્યો હતો. પાલિકાએ પાણી વેરા સહિતના વધારો કરતા શહેરમાં વિરોધનો વંટોળ ઉભો થયો હતો. આ વિરોધ વચ્ચે પાલિકાએ પાણીવેરા સહિતના વેરા વધારતા આ વર્ષે પાલિકાને રૂ.૫૮ લાખથી વધુની આવક થઈ હતી. આ આવક બાબતે પાલિકા પ્રમુખ પ્રતિનિધી એ.વી.રીબડીયાએ જણાવ્યુ હતું કે, પાણી વેરો રૂ.૧૮૦૦ કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી જોકે વાંધા સુચનો આવતા પાલિકાએ માત્ર રૂ.૯૦૦ જ પાણીવેરો કરેલો છે જેમાં બગસરા નગરપાલિક એકાંતરા ૪ કલાકથી વધુ પીવાનું પાણી શહેરીજનોને



પુરૂ પાડે છે. ભુગર્ભ ગટરની સફાઈ માટે રાજય સરકાર તરફથી કોઈ ગ્રાન્ટ મળતી નથી જેથી ભુગર્ભ ગટર અને સ્ટ્રીટલાઈટનું મેન્ટનન્સ ખર્ચને પહોંચી વળવા માટે વેરો વધારવામાં આવ્યો છે. પાલિકા સદસ્ય રાજુભાઈ ગીડાએ જણાવ્યું હતુ કે વેરા વધારાથી પાલિકાની તિજારીમાં આવક વધી છે જેથી કર્મચારીઓ અને રોજમદારોને પગાર નિયમિત ચુકવી શકાય તેમજ સ્વભંડોળની આવક વધતા આ રકમ શહેરના વિકાસ માટે વાપરવામાં આવશે. ચાલુ વર્ષે વસુલાત ૬૫ ટકા પહોંચી છે જયારે વર્ષાન્તે આ વસુલાત ૮૦ ટકાએ પહોંચવાની ધારણા છે.

**પાણી વેરાની રૂ.૧૮૦૦ની દરખાસ્ત સામે માત્ર રૂ.૯૦૦ કરવામાં આવ્યો છે : એ.વી.રીબડીયા**

**સરકારી ઈમારતોનું ગ્રાન્ટના અભાવે વેરો બાકી**

જાણવા મળતી માહિતી મુજબ સરકારી ગ્રાન્ટના અભાવે તમામ પ્રાથમિક શાળાઓના ૪ વર્ષનો વેરો બાકી છે, જયારે પોલીસ સ્ટેશન, મામલતદાર ઓફિસનો વેરો પણ બાકી છે. નવી સિવિલ હોસ્પિટલની આકારણી કરી તેનો પણ વેરો બાકી છે. જો કે તમામ વેરા સરકારી ગ્રાન્ટ ન આવવાથી ચુકવવામાં આવતો ન હોવાનુ અધિકારીઓ જણાવી રહ્યા છે. સરકારી કચેરીઓના જ નિયમિત વેરા ન આવતા હોય ત્યારે સામાન્ય પ્રજાની હાલત શું થતી હશે તે વિચારવાનું રહ્યુ.

# સાવરકુંડલાની વી.ડી. કાણકિયા અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલાની વી.ડી. કાણકિયા આર્ટસ અને શ્રી એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે તા. ૨૧મી ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.



તસવીર : સૌરભ દોશી

કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી થઈ. ત્યારબાદ નરસિંહ મહેતાનું પ્રખ્યાત ભજન 'વૈષ્ણવજન તો તેને કહીએ' ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થી પરમાર અજયે હાર્મોનિયમ સાથે રજૂ કર્યું હતુ. કાર્યક્રમનું સંચાલન લુણી નિરવે કર્યું અને કાતરીયા વિભાએ માતૃભાષાના મહત્વ પર વિચાર વ્યક્ત કર્યા. નિમાવત જતીને ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને બોલીઓ અંગે રસપ્રદ રજૂઆત કરી. પ્રિન્સિપાલ ડો. એસ.સી. રવિયાએ શુભેચ્છા પાઠવી પ્રેરક ઉદબોધન આપ્યું. અંગ્રેજી વિભાગના ડો. અર્જુનસિંહ પરમારે યુનેસ્કો દ્વારા આ દિવસની ઘોષણાની માહિતી આપી. ગુજરાતી વિભાગના ડો. આશિષ ચૌહાણે સાહિત્યના મૂલ્યો સમજાવી મનોજ ખંડેરિયાની ગઝલનું પઠન કર્યું. ડો. હાર્દિક ઉદેશીએ પ્રસંગ દ્વારા ભાષાની મહત્તા સમજાવી હતી.

# દેવભૂમિ દેવળીયા પ્રાથમિક શાળામાં સાયકલ વિતરણ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૧

દેવભૂમિ દેવળીયા ગામની પ્રાથમિક શાળામાં દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા તથા તેમની શૈક્ષણિક સુવિધાઓમાં વધારો કરવાના હેતુથી સાયકલ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્થાનિક લોક પ્રતિનિધિ નાથાલાલ સુખડિયા, માધ્યમિક શાળાના આચાર્ય ભૂતૈયા, SBI બેંકના મેનેજર સારિકાબેન



વ્યાસ અને પ્રાથમિક શાળાના આચાર્ય અમરીશભાઈ રાજ્યગુરુ ઉપસ્થિત રહ્યા હતા. સરકારની યોજના હેઠળ ધોરણ ૯માં અભ્યાસ કરતી ચાલુ વર્ષની ૧૦ અને ગત વર્ષની ૮ મળી કુલ ૧૮ દીકરીઓને સાયકલ આપવામાં આવી. ઉપરાંત, સામાજિક જવાબદારી ફંડ અંતર્ગત SBI દેવભૂમિ દેવળીયા શાખાએ ધોરણ ૬ થી ૮માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની ૫ દીકરીઓને સાયકલ ભેટ આપી હતી.દીકરીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને શાળામાં સેનેટરી પેડ ડિસ્ટ્રોયરના ૨ મશીન ફાળવવાની જાહેરાત પણ કરવામાં આવી. આ પહેલથી ગ્રામ્ય વિસ્તારોમાં દીકરીઓના ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવામાં મદદ મળશે.

# આવતીકાલથી જૂનાગઢ-ચલાલા વચ્ચે દૈનિક સ્પેશિયલ ટ્રેન દોડશે

અમરેલી,તા.૨૧

યાત્રિયોની સુવિધા તથા તેમની માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર રેલવે મંડળના મીટરગેજ સેક્શનમાં વિશેષ ભાડા પર જૂનાગઢ અને ચલાલા સ્ટેશનો વચ્ચે ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ (સોમવાર)થી દૈનિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી મુજબ જૂનાગઢથી ચલાલા જતી દૈનિક મીટરગેજ સ્પેશિયલ ટ્રેન જૂનાગઢ સ્ટેશનથી સવારે ૧૦:૪૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બપોરે ૧૪:૧૦ વાગ્યે ચલાલા સ્ટેશન પહોંચશે. વાપસીમાં ચલાલાથી જૂનાગઢ જતી દૈનિક મીટરગેજ સ્પેશિયલ ટ્રેન ચલાલાથી બપોરે ૧૪:૪૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને સાંજે ૧૭:૩૫ વાગ્યે જૂનાગઢ સ્ટેશન પહોંચશે.આ ટ્રેન માર્ગમાં તોરણિયા, બિલખા, જુની ચાવંડ, વિસાવદર, જેતલવડ, ભાડેર અને ધારી સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. સોમવારથી શરૂ થનાર આ ટ્રેનને લઈ મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.


TET / TAT / CCE
કોન્સ્ટેબલ / PSI
સ્પોકન ઈંગ્લિશ
નવી બેચમાં પ્રવેશ શરૂ...
માસિક ફી : Rs.1000/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો.૯૮૭૯૭ ૬૯૪૫૧

સંકુલ B.Com. M.Com
ઈંગ્લીશ મિડીયમ કોલેજ
સંકુલ B.Com. M.Com
ગુજરાતી મિડીયમ કોલેજ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક (ગર્લ્સ) સંકુલ,ચક્કરગઢ રોડ અમરેલી - Ad203

BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :- અમરેલી, મોજે- ગોખરવાળા નાનાના ખેડ ખાતા નં.૩૬૫ જેના રે. સર્વે નં.૪૫, જેનુ કુલ ક્ષેત્રફળ :-૧-૫૧-૧૨ હે.આરે.ચો. મી. (૧) જશુભાઈ લખુભાઈ ખુમાણના નામે ચાલે છે. જે જુની શરતની છે. જે ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તાના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકતમા જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચે નાસરનામે દિન-૭ મા પુરાવા સહિત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા—૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૨/૨૦૨૬

શ્રી ડેરૈય શબીરભાઈ રહેમાનભાઈ
રહે.૨૦૨, કાદરી મંજિલ, ગોદાલ નગર, વાપી જિ.વલસાડ
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, એકલેરા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી ડેરૈયા શબીરભાઈ રહેમાનભાઈનો પોતાનો જન્મ તા.૦૧/૦૭/૧૯૭૬ના રોજ એકલેરા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૩/૨૦૨૬

શ્રી ડેરૈયા હનીફભાઈ રહેમાનભાઈ
રહે.ફલેટ નં.૧૦, ફાતિમા મંજિલ અલઅરફાન એપા.
વાપી જિ.વલસાડ .........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, એકલેરા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી ડેરૈયા હનીફભાઈ રહેમાનભાઈનો પોતાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૪ના રોજ એકલેરા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૬/૨૦૨૬

શ્રી સોલંકી ઘાંચી મુસલમાન મુસાભાઈ અલીભાઈ
રહે.એલ-૧/૧૧૫, પત્રકાર કોલોની, પાણી ટાંકીની પાસે,
તાંદલજા, વડોદરા-૩૯૦૦૧૨ .........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, પાંચતલાવડા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી સોલંકી ઘાંચી મુસલમાન મુસાભાઈ અલીભાઈનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૨ના રોજ પાંચતલાવડા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૦૭/૨૦૨૬

શ્રી મહેતર અબ્બાસભાઈ હસનભાઈ
રહે.દુધાળા તા.પાલીતાણા જિ.ભાવનગર
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, એકલેરા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી મહેતર અબ્બાસભાઈ હસનભાઈનો પોતાનો જન્મ તા.૦૫/૦૧૯૬૪ના રોજ એકલેરા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

# રાજુલાના દાતરડી ગામે બંધ મકાનમાંથી રૂ. ૧.૧૦ લાખની ચોરીથી ચકચાર

રાજુલા,તા.૨૧

રાજુલા તાલુકાના દાતરડી ગામે એક રહેણાંક મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો હોવાની ઘટના સામે આવી છે. અજાણ્યા શખ્સોએ પરિવારની ગેરહાજરીમાં મુખ્ય દરવાજાની ચાવી શોધી કાઢી, ઘરમાં પ્રવેશી કુલ રૂ. ૧,૧૦,૦૦૦ ની રોકડ રકમની ચોરી કરી હતી.બનાવ અંગે લાભુબેન અશોકભાઈ શિયાળ (ઉ.વ.૪૦)એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમણે અને તેમની દીકરીઓએ મહેનત કરી બચાવેલા અને ઘરખર્ચ માટે રાખેલા નાણાં તસ્કરો ચોરી ગયા છે. ગત તા. ૧૦/૦૨/૨૦૨૬ થી તા. ૧૭/૦૨/૨૦૨૬ દરમિયાન, જ્યારે પરિવાર ઘરની બહાર હતો, ત્યારે કોઈ અજાણ્યા શખ્સે તકનો લાભ ઉઠાવ્યો હતો.તસ્કરોએ અત્યંત ચાલાકીપૂર્વક બારી પાસે કબાટ ઉપર રાખેલી મુખ્ય દરવાજાની ચાવી શોધી કાઢી હતી. જે બાદ દરવાજો ખોલી અંદર પ્રવેશ્યા હતા અને સેટીના ગાદલા નીચે છુપાવેલી કબાટ તથા સૂટકેસની ચાવીઓ મેળવી લીધી હતી. સૂટકેસમાંથી રૂ. ૯૦,૦૦૦ અને રોજીંદા વપરાશના ડબામાંથી રૂ. ૨૦,૦૦૦ એમ કુલ મળીને રૂ.


**જાણભેદું હોવાની આશંકા**


૧,૧૦,૦૦૦ ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ચાવી શોધીને થયેલી આ ચોરીમાં કોઈ જાણભેદુ હોવાની આશંકા સેવાઈ રહી છે. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લા પોલીસે બે આરોપીની ધરપકડ કરી પાસા તળે જેલહવાલે કર્યા

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વડિયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એ.એન. ગાંગણાએ આટકોટના રહેવાસી અક્ષય જનીભાઈ સાઢમિયા સામે પૂરતા પુરાવા એકત્ર કરી પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરી હતી. જિલ્લા પોલીસ વડા મારફતે મામલો જિલ્લા





કલેક્ટર સમક્ષ રજૂ થતા, લોકોની મિલકત અને જાહેર શાંતિને જોખમરૂપ પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું. ત્યારબાદ એલસીબી પીઆઈ એ.ડી. ચાવડા અને તેમની ટીમે આરોપીની ધરપકડ કરી તેને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે ખસેડ્યો હતો. આ જ રીતે બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ. આર. શેઠે જસદણના મહમદહુસેન હબીબભાઈ કટારીયા સામે પુરાવા એકત્ર કર્યા હતા. જિલ્લા કલેક્ટરે પાસા વોરંટ ઈસ્યુ કર્યા બાદ એલસીબી ટીમે તેની ધરપકડ કરી મહેસાણા જિલ્લા જેલમાં મોકલી દીધો છે. આરોપી સામે કુલ ચાર ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું છે.

# રાજુલા અને મોટા લીલીયામાં ૭ વર્ષના બાળકનું પ્રથમ રોઝુ

રાજુલા,લીલીયા,તા.૨૧

પવિત્ર રમજાન માસ દરમિયાન રાજુલાના ૭ વર્ષના ઝૈદ રહીમભાઈ જોખિયાએ જીવનનું પહેલું રોઝુ રાખ્યું. વહેલી સવારે શહેરી કરીને તેણે રોજાની શરૂઆત કરી અને સાંજે ઈફતાર બાદ જ ભોજન લીધુ હતુ. અંદાજે ૧૪ કલાક સુધી ઉપવાસ રાખવો મોટા લોકો માટે પણ પડકારરૂપ હોય છે, ત્યારે ઝૈદની આ નિષ્ઠા પ્રશંસનીય છે. તેણે અલ્લાહની બંદગી સાથે





વિશ્વ શાંતિ માટે દુઆ કરી. પરિવાર અને સમાજમાં આનંદની લાગણી પ્રસરી હતી. મોટા લીલીયાના રહીશ હનીફભાઈ ખલીફાના માત્ર ૭ વર્ષના રીજવાને પોતા ની ઝીંદગીનું પ્રથમ રોજુ રાખી અલ્લાહની બંદગી કરી હતી આખો દિવસ ભૂખ્યા તરસ્યા રહી ને સાંજે રોજુ ખોલવાનું હોય ત્યારે માત્ર ૭ વર્ષના બાળક રીજવાને રોઝુ રાખી અલ્લાહની બંદગી કરી હતી.

# રાજુલાના કડીયાળી ગામે ભેરાઈ ચોકડી પાસે રીક્ષા પલટી જતાં એકનું મોત

રાજુલા, તા. ૨૧

રાજુલાના કડીયાળી ગામે ભેરાઈ ચોકડી પાસે રીક્ષા પલટી જતાં એક વૃદ્ધાનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે રામજીભાઈ હરજીભાઈ શિયાળ (ઉં.વ. ૪૫) એ રીક્ષા (નં. GJ-૧૪-Y-૩૧૮૫) ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, તા. ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના સાડા અગિયારેક વાગ્યે તેમના માતા ભાવીબેન, મોટાભાઈ લખમણભાઈની પુત્રી જયશ્રીબેન તથા અન્ય પાંચ-છ મુસાફરો રાજુલાથી અતુલ પીયાગો રીક્ષામાં બેસીને શિયાળબેટ જઈ રહ્યા હતા. ભેરાઈ ચોકડી પાસે પહોંચતા રીક્ષા ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રીક્ષા અચાનક પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ભાવીબેનને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ ચાલક પોતાનું વાહન મૂકીને નાસી છૂટ્યો હતો.

# વૃધ્ધના રહસ્યમય સંજોગોમાં મોત બાદ લાશ પરથી દાગીનાની ચોરી

દામનગર,તા.૨૧

લાઠી તાલુકાના હજીરાધાર ગામે રહેતા એક વૃદ્ધનું મોત થયા બાદ, તેમની લાશ પરથી અજાણ્યા શખ્સો ચાંદીના કડા ચોરી ગયા હોવાની માનવતાને શર્મસાર કરતી ઘટના સામે આવી હતી. સ્મશાન પાસેના પાણીના ખાડામાંથી વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યા બાદ તપાસમાં જાણવા મળ્યું હતું કે, તેમના હાથમાં પહેરેલા કિંમતી કડા ગાયબ હતા.આ અંગે હજીરાધારના ભરતભાઈ દાનાભાઈ કાનમીયા (ઉ.વ. ૩૯)એ જણાવ્યા મુજબ, તેમના પિતા દાનાભાઈ ધનાભાઈ કાનમીયા (ઉ.વ. ૬૫) ગત તા. ૧૫/૦૭/૨૦૨૫ના રોજ સવારથી ગુમ થયા હતા. દરમિયાન, હજીરાધાર-ધામેલ રોડ પર આવેલા સ્મશાન સામેના પાણીના ખાડા પાસે તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. પરિવારજનો જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે મૃતકના

**તસ્કરો રૂ. ૫૫ હજારના ચાંદીના કડા સેરવી ગયા**

બંને હાથમાં પહેરેલા ચાંદીના કડા ગાયબ હતા. કોઈ અજાણ્યા શખ્સોએ આશરે ૨૦૦ ગ્રામ વજનના બે ચાંદીના કડાંની ચોરી કરી હતી. હાલ દામનગર પોલીસ સ્ટેશનના પીઆઈ સી. એન. દવે આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયાના તરઘરી ગામે પત્નિએ કરેલા કેસથી માઠું લાગી આવતા પતિનો આપઘાતનો પ્રયાસ

વડિયા, તા. ૨૧

વડિયા તાલુકાના તરઘરી ગામે કૌટુંબિક કલેશમાં એક વ્યક્તિએ ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. પત્નીએ કરેલા કેસને કારણે મનમાં લાગી આવતા આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક વિગતોમાં બહાર આવ્યું છે.

આ અંગે સંજયભાઈ કેશુભાઈ ખુમાણ (ઉં.વ. ૩૫) એ જણાવ્યા મુજબ, તેમની પત્નીએ કોઈ કારણોસર તેમની વિરુદ્ધ કોર્ટ કેસ કર્યો હતો. તેમણે પત્નીને ક્યારેય માર માર્યો નથી, તેમ છતાં તેમની સામે કેસ કરવામાં આવ્યો હતો. પત્ની દ્વારા કરવામાં આવેલા આ આક્ષેપો અને કેસને કારણે તેઓ છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવમાં હતા. નિર્દોષ હોવા છતાં કેસ થવાના કારણે તેમને મનમાં ગંભીર માઠું લાગી આવ્યું હતું. આ આઘાતમાં તેમણે પોતાના ઘરે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી.ઘટનાની જાણ થતા જ પરિવારજનોએ તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે

**ઝેરી દવા ગટગટાવતા ચકચાર મચી**

નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઘરકંકાસમાં ભરેલા આ પગલાને લીધે ગામમાં ચર્ચા જાગી છે. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. એન. ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના મેમદામાં માતાજીના દર્શન કરવા જતા કર્મકાંડી યુવક પર હુમલો

**એક વર્ષ જૂની અદાવતનું પરિણામ**


લાઠી, તા. ૨૧

લાઠી તાલુકાના મેમદા ગામે જૂની અદાવત રાખી બે શખ્સોએ કર્મકાંડી યુવક પર જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. ખોડિયાર માતાજીના મંદિરે દર્શન કરવા જઈ રહેલા યુવકને રસ્તામાં આંતરી, હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી.આ સંદર્ભે પરેશભાઈ રવિશંકરભાઈ ઉપાધ્યાય (ઉ.વ. ૨૯)એ તેમના જ ગામના રણછોડભાઈ કાનાભાઈ ખેર તથા રમેશભાઈ ઉર્ફે ઘોહો રણછોડભાઈ ખેર સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ પોતાના મોટરસાયકલ પર સવાર થઈ ખોડિયાર માતાજીના મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. રસ્તામાં તેઓ તેમના મિત્ર જગદીશભાઈ વઢેરની વાડીએ ચા પીવા રોકાયા હતા. આ દરમિયાન એક વર્ષ જૂની અદાવત રાખીને બંને આરોપીઓ મોટરસાયકલ પર ત્યાં ધસી આવ્યા હતા.આરોપીઓએ ગાળો આપી ઢીકાપાટુનો માર મારતા પરેશભાઈ જમીન પર પડી ગયા હતા. ત્યારબાદ આરોપીઓએ મોટરસાયકલમાંથી લાકડાનો ધોકો કાઢી તેમના બંને પગે ત્રણ-ચાર ફટકા માર્યા હતા. આ ઉપરાંત રસ્તા પરથી પથ્થર ઉપાડી ફરિયાદીના પગ અને આંખના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. હુમલો કર્યા બાદ આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.એમ. ભાડલીયા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૮૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૮૫૦ | ૧૧૪૦ |
| બાજરી | ૩૧૧ | ૩૫૦ |
| તુવેર | ૧૨૭૫ | ૧૬૨૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૭૯૯ |
| અડદ | ૮૫૦ | ૧૬૦૦ |
| મગ | ૮૦૦ | ૧૭૮૫ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૧૨૦ |
| વટાણા | ૮૫૧ | ૧૪૬૫ |
| કળથી | ૩૭૦ | ૩૭૦ |
| રાજમા | ૧૨૫૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૫૪૪ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૪૯ |
| તલી | ૧૪૫૦ | ૧૯૭૦ |
| એરંડા | ૧૧૬૦ | ૧૨૫૮ |
| અજમો | ૧૨૭૦ | ૨૨૯૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૧૫ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૬૫૦ |
| કાળા તલ | ૨૦૦૦ | ૪૩૪૩ |
| લસણ | ૯૫૦ | ૧૪૧૦ |
| ધાણા | ૧૪૫૦ | ૨૦૪૦ |
| મરચા સુકા | ૨૫૦૦ | ૫૫૦૦ |
| ધાણી | ૧૫૫૦ | ૨૩૫૦ |
| વરીયાળી | ૧૨૫૦ | ૧૩૬૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૪૭૯ |
| રાય | ૧૧૫૦ | ૧૩૭૦ |
| મેથી | ૯૦૦ | ૧૪૫૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૩૦ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૮૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૮૩૬ | ૧૭૦૭ |
| પપૈયા | ૮૭ | ૧૪૮ |
| બટેટા | ૧૦૧ | ૨૦૭ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૪૦ |
| ટમેટા | ૧૨૬ | ૨૪૪ |
| સુરણ | ૮૨૧ | ૧૦૨૨ |
| કોથમરી | ૧૬૩ | ૨૩૧ |
| સકરીયા | ૪૨૯ | ૭૦૯ |
| મુળા | ૩૧૧ | ૫૦૩ |
| રીંગણા | ૩૯૬ | ૮૧૧ |
| કોબીજ | ૧૦૧ | ૧૪૮ |
| ફ્લાવર | ૧૯૮ | ૩૧૨ |
| ભીંડો | ૭૦૪ | ૧૨૧૩ |
| ગુવાર | ૧૨૨૬ | ૨૦૧૧ |
| ચોળાસીંગ | ૩૯૧ | ૧૦૧૭ |
| વાલોળ | ૩૦૨ | ૫૦૮ |
| ટીંડોળા | ૬૨૫ | ૧૨૦૭ |
| દુધી | ૧૦૧ | ૨૦૬ |
| કારેલા | ૮૦૮ | ૧૧૧૪ |
| સરગવો | ૬૫૮ | ૧૨૨૩ |
| તુરીયા | ૬૦૧ | ૧૦૧૧ |
| પરવર | ૧૪૧૯ | ૨૦૧૫ |
| કાકડી | ૫૦૬ | ૭૨૧ |
| ગાજર | ૨૧૦ | ૩૧૭ |
| વટાણા | ૩૨૯ | ૫૩૬ |
| તુવેરસીંગ | ૪૦૭ | ૬૧૧ |
| ગલકા | ૬૦૧ | ૮૦૯ |
| બીટ | ૧૧૪ | ૨૨૯ |
| મેથી | ૧૫૪ | ૨૪૭ |
| વાલ | ૮૦૪ | ૧૦૧૧ |
| ડુંગળી લીલી | ૨૦૭ | ૩૧૩ |
| આદુ | ૧૦૩૭ | ૧૨૨૪ |
| ચણા લીલા | ૧૧૬ | ૨૪૩ |
| મરચા લીલા | ૪૨૧ | ૬૩૯ |
| હળદર લીલી | ૩૧૪ | ૫૩૩ |
| લસણ લીલું | ૬૧૯ | ૧૦૦૭ |
| મકાઇ લીલી | ૧૭૮ | ૨૮૯ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૧ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૦૧ |
| સિંગદાણા જાડા | ૧૬૪૧ | ૧૯૬૧ |
| સિંગ ફાડીયા | ૯૫૦ | ૧૮૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૮૬ |
| ધાણા | ૧૧૦૧ | ૨૩૫૧ |
| લસણ સુકું | ૬૫૧ | ૧૫૮૧ |
| ડુંગળી લાલ | ૪૬ | ૨૫૬ |
| અડદ | ૧૦૧૧ | ૧૬૭૧ |
| મઠ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| તુવેર | ૧૧૨૧ | ૧૬૨૧ |
| રાયડો | ૧૦૯૧ | ૧૧૨૧ |
| રાય | ૧૦૬૧ | ૧૦૬૧ |
| મેથી | ૮૦૦ | ૧૦૩૧ |
| કાંગ | ૪૬૧ | ૪૬૧ |
| મગફળી જાડી | ૧૦૪૧ | ૧૫૨૬ |
| નવું લસણ | ૬૪૧ | ૧૩૬૧ |
| સફેદ ચણા | ૧૦૧૧ | ૧૮૬૧ |
| મગફળી ૬૬ | ૧૨૫૦ | ૧૫૬૧ |
| તલ - તલી | ૯૫૧ | ૨૦૬૧ |
| ધાણી | ૧૨૦૧ | ૩૧૫૧ |
| ડુંગળી સફેદ | ૧૮૧ | ૨૫૧ |
| બાજરો | ૩૧૧ | ૩૧૧ |
| જુવાર | ૩૫૧ | ૧૦૪૧ |
| મકાઇ | ૩૨૧ | ૩૭૧ |
| મગ | ૧૨૫૧ | ૧૭૦૧ |
| ચણા | ૯૩૧ | ૧૦૬૬ |
| વાલ | ૩૫૧ | ૧૧૮૧ |
| ચોળા / ચોળી | ૪૭૧ | ૭૭૧ |
| સોયાબીન | ૯૨૧ | ૯૯૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૧૭૧ |
| વટાણા | ૩૫૧ | ૧૦૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૬૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૬૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૬૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૩૦૦ | ૭૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૨૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૮૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૦૦૦ |
| મેથી પુરા | ૧ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૧૨ |
| સરગવો પુરા | ૨૦ | ૫૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૧૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૫ |
| પાલક પુરા | ૩ | ૫ |
| **અમરેલી** | | |
| ગીરનાર શિંગ | ૧૪૨૦ | ૧૪૩૦ |
| શિંગ મોટી | ૭૦૦ | ૧૪૨૫ |
| શિંગ દાણા | ૧૦૧૦ | ૧૭૦૫ |
| શિંગદાણા ફાડા | ૧૩૪૦ | ૧૭૮૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૨૦ |
| તલ કાળા | ૧૪૯૦ | ૩૦૯૦ |
| તલ કાશ્મીરી | ૧૯૫૦ | ૨૦૦૫ |
| બાજરો | ૪૬૫ | ૪૬૫ |
| જુવાર | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ઘઉં ટુકડા | ૩૭૫ | ૫૯૫ |
| ઘઉં લોકવન | ૩૭૫ | ૬૩૫ |
| ચણા | ૮૧૦ | ૧૦૯૦ |
| સફેદ ચણા | ૬૦૦ | ૯૯૫ |
| તુવેર | ૭૫૦ | ૧૫૨૦ |
| કપાસ | ૯૧૫ | ૧૬૧૫ |
| એરંડા | ૧૧૩૦ | ૧૨૬૫ |
| જીરૂ | ૧૯૦૦ | ૪૦૭૦ |
| રાય | ૯૨૫ | ૧૨૨૦ |
| ધાણા | ૧૪૯૫ | ૧૯૭૫ |
| ધાણી | ૧૪૨૦ | ૨૪૦૦ |
| સોયાબીન | ૮૨૦ | ૯૮૦ |
| મરચા લાંબા | ૧૩૯૦ | ૬૪૯૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| રીંગણા | ૭૦૦ | ૯૫૦ |
| ફુલાવર | ૨૫૦ | ૩૫૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૨૦ |
| શક્કરિયા | ૫૦૦ | ૧૦૦૦ |
| ટમેટા | ૧૦૦ | ૩૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૫૦ |
| ગાજર | ૨૪૦ | ૩૪૦ |
| દૂધી | ૨૨૦ | ૨૯૦ |
| કારેલા | ૯૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મૂળા | ૨૫૦ | ૩૨૦ |
| કાકડી | ૩૦૦ | ૪૨૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૨૩૦૦ |
| વાલોળ | ૩૨૦ | ૪૩૦ |
| વટાણા | ૪૦૦ | ૫૦૦ |
| ચોળા લીલાં | ૮૫૦ | ૯૬૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૫૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| વાલ | ૬૦૦ | ૭૩૦ |
| આદુ | ૧૨૧૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૫૦ |
| મેથીભાજી | ૨૪૦ | ૩૨૦ |
| ફુદીનો | ૮૫૦ | ૯૫૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૧૦ |
| તુવેર | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૬૦૦ | ૮૨૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૫૦ |
| મરચા લાલ | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૨૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૭૦૦ | ૮૦૦ |
| લસણ સૂકું | ૯૦૦ | ૧૮૫૦ |
| મકાઇ | ૨૫૦ | ૩૩૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પાલક | ૩૦૦ | |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૨૦ | ૧૬૨૦ |
| કપાસ મીડીયમ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| મગફળી | ૧૧૮૦ | ૧૪૬૦ |
| જીરૂ | ૨૯૧૦ | ૪૭૦૦ |
| ચણા | ૯૭૬ | ૧૦૭૪ |
| ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ધાણા | ૧૩૩૦ | ૧૮૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૬૦ | ૧૩૫૧ |
| ઘઉં | ૪૫૦ | ૪૭૧ |
| ચણા | ૭૧૦ | ૧૦૪૦ |
| તુવેર | ૧૦૦૫ | ૧૫૦૧ |
| ધાણા | ૧૫૧૦ | ૧૭૧૭ |
| શિંગ દાણા | ૧૩૯૦ | ૧૫૫૦ |
| તલ | ૧૫૬૦ | ૧૫૬૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૦૦૦ |
| રાય | ૧૨૫૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૩૯૨૫ | ૩૯૨૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૪૩૮ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૫ | ૫૭૯ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૭ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૦ |
| રાય | ૧૦૦૦ | ૧૨૩૬ |
| રાયડો | ૯૮૦ | ૧૧૪૪ |
| મેથી | ૮૦૦ | ૧૨૨૬ |
| તુવેર | ૧૦૫૦ | ૧૫૦૬ |
| જુવાર | ૬૫૦ | ૧૧૨૪ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૨૬ |
| મગ | ૧૨૦૦ | ૧૬૩૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૭ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૦૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૬૯૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૮૬ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૩૯ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૨૧ |
| ચણા | ૭૫૫ | ૧૦૩૭ |
| ધાણા | ૮૩૦ | ૧૬૩૫ |
| સફેદ ચણા | ૯૬૦ | ૯૬૦ |
| સોયાબીન | ૯૬૦ | ૯૬૦ |
| મગફળી | ૧૦૪૫ | ૧૧૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૨૦ |
| રાયડો | ૮૫૦ | ૮૫૦ |
| મકાઇ | ૪૬૦ | ૪૬૦ |
| તલ | ૧૩૦૦ | ૧૮૨૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૬ |
| ચણા | ૯૫૧ | ૧૦૫૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૩૧ |
| મગફળી | ૧૦૧૧ | ૧૪૩૬ |
| શિંગ ફાડા | ૧૩૦૧ | ૧૪૦૧ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૫૪૬ |
| જીરૂ | ૩૫૦૧ | ૪૧૯૧ |
| ધાણા | ૧૩૦૧ | ૧૮૮૧ |
| સોયાબીન | ૯૦૧ | ૯૯૬ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| શિંગ મોટી | ૧૩૧૧ | ૧૪૨૩ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૫૦૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૪૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| બાજરો | ૪૦૦ | ૬૨૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૪ |
| દેશી ચણા | ૧૦૦૫ | ૧૧૬૦ |
| તુવેર | ૧૩૧૦ | ૧૫૮૧ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૪૨ |
| રાય/ રાયડો | ૯૫૦ | ૧૧૫૧ |
| ધાણા | ૧૩૫૦ | ૨૩૩૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૨૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૦૦ | ૪૫૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૭ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૬૫ |
| ચોળી | ૭૨૦ | ૧૦૨૫ |
| ચણા | ૯૨૧ | ૧૦૮૦ |
| મગફળી જીણી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૪૮૦ |
| તલ | ૧૭૦૦ | ૧૭૫૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૨૦ |
| રાય | ૧૧૦૦ | ૧૩૬૫ |
| લસણ | ૬૨૦ | ૧૧૪૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૯૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૨૮૫ |
| અજમો | ૧૬૫૦ | ૫૬૦૦ |
| અજમાની ભુસી | ૫૦ | ૨૭૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૮૯૦ |
| ધાણી | ૧૯૦૦ | ૨૪૦૦ |
| મરચા | ૧૫૦૦ | ૬૪૦૦ |
| ડુંગળી | ૫૦ | ૨૭૦ |
| વટાણા | ૮૦૦ | ૧૨૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૫૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૯૫૧ | ૧૯૫૧ |
| તલ કાળા | ૨૪૦૨ | ૩૨૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૧૦ |
| બાજરો | ૩૦૦ | ૩૫૪ |
| ઘઉં ટુકડા | ૪૦૪ | ૫૬૩ |
| જુવાર | ૯૯૧ | ૧૧૫૫ |
| મગ | ૧૦૫૧ | ૨૫૦૧ |
| અડદ | ૮૦૧ | ૮૦૧ |
| તુવેર | ૧૧૯૦ | ૧૫૦૧ |
| ચણા | ૭૯૦ | ૧૦૬૧ |
| જીરૂ | ૩૮૭૬ | ૩૮૭૬ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૪૯ |
| રાય | ૧૨૫૧ | ૧૫૦૨ |
| **મહુવા** | | |
| જુવાર | ૩૦૦ | ૧૦૧૦ |
| બાજરી | ૩૨૯ | ૬૧૨ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૩૬ |
| મકાઇ | ૪૦૦ | ૪૦૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૩૬ |
| મગ | ૯૮૦ | ૨૭૦૦ |
| રાય | ૧૩૧૧ | ૧૩૧૧ |
| ચણા | ૭૦૦ | ૧૦૪૭ |
| તલ સફેદ | ૧૫૭૦ | ૧૫૭૦ |
| તલ કાળા | ૩૪૩૪ | ૩૯૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૫૧ |
| ધાણા | ૧૨૯૯ | ૧૪૧૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૯૫ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૯૦ |
| ડુંગળી સફેદએક્સ | ૨૯૧ | ૪૯૬ |
| નાળીયેર | ૪૯૧ | ૨૫૮૬ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૭૬ | ૧૪૪૦ |
| તુવેર | ૧૪૭૫ | ૧૪૭૫ |

# પેરિયારે લોકોને બ્રાહ્મણોને મારી નાખવા ઉશ્કેરતાં, નહેરુએ તેમને પાગલ કહ્યા હતા !




(ગતાંકથી આગળ)

ગયા અંકે આપણે 'ઘૂસખોર પંડત' ફિલ્મની વાત પરથી જોયું કે બ્રાહ્મણ વિરોધી રાજકારણની શરૂઆત અંગ્રેજો- મેક્સ મૂલર અને ખ્રિસ્તી મિશનરી રૉબર્ટ કાલ્ડવેલે કરી હતી અને રામમોહન રાય (જેને મોગલ બાદશાહે રાજ્ય વગરના રાજાનું શીર્ષક આપ્યું હતું), લોકમાન્ય તિલક જેવા લોકો તેમના વાદ-ઉત્તર વિરુદ્ધ દક્ષિણ, આર્ય વિ. અનાર્ય, સંસ્કૃત વિ. તમિલ, સવર્ણ વિ. દલિતનો ભોગ બન્યા. રાજકારણમાં તેની શરૂઆત દક્ષિણમાં જસ્ટિસ પાર્ટીએ કરી, પરંતુ બાદમાં તે નિષ્ફળ ગઈ. જાતિવાદનો ઉપાય રાષ્ટ્રવાદ છે અને તે સમયની સ્વતંત્રતા માટેના સંગઠન (રાજકીય પક્ષ નહીં) કૉંગ્રેસના રાષ્ટ્રવાદ સામે જસ્ટિસ પાર્ટીનો જાતિવાદ નિષ્ફળ ગયો. પરંતુ સી. રાજગોપાલાચારીએ દક્ષિણમાં હિન્દીને અનિવાર્ય બનાવી ઉત્તર વિ. દક્ષિણના વાદને જીવતદાન આપી દીધું.

ઈરોડ વેંકટપ્પા રામસામી જે પેરિયારના નામથી જાણીતા છે, તેમણે આ વિષયને પકડી લીધો. જસ્ટિસ પાર્ટી તેમના નેતૃત્વમાં સેલ્ફ રિસ્પેક્ટ મૂવમેન્ટમાં જોડાઈ ગઈ. ઈ. સ. ૧૯૨૫નું વર્ષ હવે તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને તેના કારણે હિન્દુત્વના પુનઃજાગરણ તેમજ હિન્દુવાદી રાજકારણ માટે જાણીતું છે. આ વર્ષે રા. સ્વ. સંઘની સ્થાપના થઈ હતી. આ વર્ષની ૨૬ ડિસેમ્બરે ભારતીય સામ્યવાદી પક્ષ (સીપીઆઈ)ની સ્થાપના થઈ હતી. એ જ વર્ષે પેરિયારે કૉંગ્રેસ છોડી. એટલે કે ઈ. સ. ૧૯૨૫ જાતિવાદી-ડાબેરી-હિન્દુ વિરોધી રાજકારણ માટે પણ મહત્ત્વનું બની રહ્યું. ઈ. સ. ૧૯૧૭માં રશિયામાં સામ્યવાદી ક્રાંતિ થઈ હતી અને ઈ. સ. ૧૯૨૨માં અનેક રાજ્યો ભેગા મળીને સોવિયેત સંઘ બની ચૂક્યા હતા. એટલે આ વિચારધારા ઘણા બધાને આકર્ષે નહીં તો જ નવાઈ.

પેરિયારે ઈ. સ. ૧૯૪૪માં સામાજિક સંગઠન દ્રવિડર કઝગમ (ડીકે)ની સ્થાપના કરી. ઈ. સ. ૧૯૪૯માં આ સંગઠનના બે ભાગ પડી ગયા. સી. એન. અન્નાદુરાઈએ દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે) પક્ષની સ્થાપના કરી. તેમણે અલગ દ્રવિડ નાડુ (દ્રવિડ રાષ્ટ્ર)ની માગણી કરી. ૨૦૨૪માં કર્ણાટકના સાંસદ અને ઉપ મુખ્ય પ્રધાન ડી. કે. શિવકુમારના ભાઈ ડી. કે. સુરેશે દક્ષિણ ભારતને અન્યાય થાય છે તેવો સુર છેડી, અલગ રાષ્ટ્રની વાત છેડી જ હતી, વિવાદ પછી તેમણે સ્પષ્ટતા કરી લીધી હતી. એટલે અન્નાદુરાઈએ રોપેલું બીજ તો હજુ પણ કેટલાકના મનમાં રમ્યા જ રાખે છે.

> પેરિયારને બ્રાહ્મણ વિરોધી રાજકારણના પુરસ્કર્તા માનવામાં આવે છે. પરંતુ તેઓ માત્ર બ્રાહ્મણ વિરોધી જ નહોતા, એસ. સી. સમુદાયના પણ વિરોધી હતા. સ્ત્રીઓના પણ વિરોધી હતા. મંદિરે ન જવાની આજ્ઞા ન માનનાર પોતાની પત્નીની છેડતી તેમણે પોતાના સગીર મિત્રો પાસે કરાવી હતી !

પેરિયારે કૉંગ્રેસ કેમ છોડી હતી? ઈ. સ. ૧૯૨૨માં પેરિયાર કૉંગ્રેસના મદ્રાસ પ્રેસિડેન્સી (આજના તમિળ નાડુ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, ઉત્તર કેરળ, ઓડિશાનો કેટલોક ભાગ)ના પ્રમુખ બન્યા. આ અધિવેશનમાં તેમણે સરકારી નોકરીઓ અને શિક્ષણમાં અનામતની મજબૂત રીતે તરફેણ કરી, પરંતુ કૉંગ્રેસે અનામતની વાત ઉડાડી દીધી. તેના પરિણામે ઈ. સ. ૧૯૨૫માં તેમણે કૉંગ્રેસ છોડી દીધી.

પેરિયાર વૈશ્ય સમુદાયના એટલે કે આજની ભાષામાં, સવર્ણ હતા. પરંતુ પેરિયારને કાશીમાં કડવો અનુભવ થયો. તે પછી તેમણે પોતાના માટે લાગતી નાયકરની ઉપાધિ છોડી દીધી. વૈકોમ મંદિરની આસપાસ અસ્પૃશ્યતાનું દૂષણ હતું. રસ્તાઓ દલિત માટે બંધ હતા. આથી કૉંગ્રેસે સત્યાગ્રહ કર્યો અને પેરિયારને તેનું નેતૃત્વ આપ્યું. પરંતુ આ આંદોલન કરતાં-કરતાં પેરિયાર હિન્દીનો વિરોધ કરવા લાગ્યા. તેમણે સેલ્ફ રિસ્પેક્ટ મૂવમેન્ટનું નેતૃત્વ કર્યું. એટલું જ નહીં, તેઓ હિન્દુ વિરોધી બની ગયા.

ઈવીઆર તરીકે પણ ઓળખાતા પેરિયારે તેમના સામયિકમાં હિટલરે યહૂદીઓની જેવી દશા કરી હતી તેવી દશા તમિળ નાડુના બ્રાહ્મણોની કરવા ચેતવણી આપી હતી. હિટલરના હાર્યા પછી પણ તેમનું આ વલણ યથાવત્ હતું. ૨૯ જાન્યુઆરી ૧૯૫૪ના દિવસે પેરિયારે લખ્યું, ''પર્પનનોને આ ભૂમિમાંથી હાંકી કાઢવા જોઈએ.'' પર્પન બ્રાહ્મણો માટે અપમાનજનક રીતે વપરાતો તમિળ શબ્દ છે. યાદ રહે કે અસ્પૃશ્યતા હતી, છે પરંતુ દલિતોને હાંકી કાઢવાની વાત કોઈએ કરી નથી.

તેમણે તો ત્યાં સુધી કહ્યું (૨૯ ઑક્ટોબર ૧૯૬૭) કે ''બ્રાહ્મણ ગમે તેટલો રેશનાલિસ્ટ કે નાસ્તિક કેમ ન હોય, તેને આપણી સંસ્થામાં રાખવો જ નહીં.''

દિલ્લી વિશ્વ વિદ્યાલયમાં યુજીસી નિયમોના સમર્થનમાં ૫૦૦ લોકો પ્રદર્શન કરી રહ્યા હતા ત્યારે તેને કવર કરવા ગયેલી રૂચિ તિવારી નામની પત્રકાર પર આક્રમણ થયું. તેની બ્રાહ્મણ જ્ઞાતિ વિશે એલફેલ બોલવામાં આવ્યું. એક છોકરીએ તો રૂચિના કાનમાં બળાત્કારની ધમકી પણ આપી. તેની આસપાસના પુરુષો તેને પાઠ ભણાવવાનું કહેતા હતા. રૂચિ બેભાન થઈ ગઈ હતી. પોલીસ મૂક તમાશો જોતી રહી.

પરંતુ આ આજકાલનું નથી. આના માટે પેરિયાર જેવાએ વર્ષો પહેલાં બી વાવ્યાં હતાં. પેરિયારના સાથી વે આનાઈમુતુએ તેમના પુસ્તકમાં લખ્યું હતું કે ''ઈવીઆરે તેમના કાર્યકર્તાઓને તેમના નિવાસસ્થાને આવેલા બ્રાહ્મણ પત્રકારોને ધક્કા મારીને કાઢી મૂકવા સૂચના આપી હતી.'' સામી ચિદમ્બરનરે તેમના પુસ્તક 'તમિઝાર થલાઈવાર' (તમિઝોના નેતા)માં લખ્યું છે, ''પેરિયારે જાતિવાદ દૂર કરવા નહેરુ અને ગાંધીનાં ચિત્રો અને ભારતના બંધારણને સળગાવવા કહ્યું હતું અને આ બધી યુક્તિઓ જો નિષ્ફળ જાય તો તેમણે બધાએ બ્રાહ્મણોને મારવા અને મારી નાખવા કહ્યું હતું. આપણે તેમનાં ઘરો સળગાવી નાખવાં જોઈએ.''

પેરિયારને મહિલાઓના અધિકારો માટે લડનારા ગણાવવામાં આવે છે, પરંતુ આ વાત સત્યથી વેગળી છે. પેરિયારના જીવનચરિત્રના લેખકો પણ આ વાત કહે છે કે ''તેમની પહેલી પત્ની નાગમણિને પેરિયારે સમજાવી છતાં તે મંદિરે જવા માગતી હતી. આથી પેરિયારે તેમના સગીર વયના મિત્રોને તેમની પોતાની પત્ની બતાવીને કહ્યું કે તે નવી દાસી છે અને તેઓ તેને પટાવી શકે છે ! છોકરાઓ મંદિરે જતી વખતે તેનો પીછો કરવા લાગ્યા અને તેની છેડતી કરવા લાગ્યા. આના પરિણામે નાગમણિએ મંદિર જવાનું બંધ કર્યું !'' જે પોતાની પત્નીની છેડતી કરાવી શકે તેને મહિલાઓના અધિકારના લડવૈયા કેવી રીતે કહી શકાય?

પેરિયારને દલિતોના અધિકારોની ચિંતા એટલી બધી નહોતી. તેઓ એસ. સી. સમુદાય અને બિન એસ. સી. સમુદાય (બ્રાહ્મણ સિવાય) વચ્ચે ઓળખ કરી શકતા અને તેઓ પોતાને બિન એસ. સી. સમુદાય (બ્રાહ્મણો સિવાયના)ના કલ્યાણ માટે લડનારા તરીકે ઓળખાવાનું પસંદ કરતા. ઈ. સ. ૧૯૫૦માં તેમણે કહ્યું હતું કે : સમાજમાં મુખ્યત્વે ત્રણ વર્ગો છેઃ બ્રાહ્મણો, શુદ્રો અને પંચમો. બ્રાહ્મણો ઉચ્ચ વર્ણના છે, તેથી તેમને છૂટછાટો મળે છે. પંચમો નીચલી જ્ઞાતિના છે, તેથી તેમને પણ છૂટછાટો મળે છે. શુદ્રો જ મધ્યમાં છે, તેથી તેમને કોઈ છૂટછાટો મળતી નથી. (પંચમ શબ્દ હિન્દુ સમાજના ચાર વર્ણ સિવાયના વર્ણ માટે વપરાય છે, જેમાં કથિત અસ્પૃશ્યો અથવા તો એસ. સી. સમુદાયના લોકોનો સમાવેશ થતો હતો.)


વિચાર વલોણું

જયવંત પંડ્યા


એસ. સી.ના વિરોધી હોવાથી પેરિયાર ડૉ. બાબાસાહેબ આંબેડકરના પણ વિરોધી હતા. તેમણે કહ્યું હતું કે આંબેડકર ભારતના ભાગલાનો વિરોધ કરે છે તો મને ડર છે કે તેઓ આવતી કાલે દ્રવિડસ્તાનની માગણી પણ નકારી દેશે. (અહીં દ્રવિડસ્તાન શબ્દ નોંધવા જેવો છે કારણકે સ્તાન નામવાળાં દેશો ઈસ્લામિક હોય છે.)

એસ. સી.ને અનામત મળી તેનાથી પણ પેરિયારને પેટમાં દુઃખતું હતું. તેમણે કહ્યું હતું, ''આંબેડકરે બધા વિભાગોમાં એસ. સી. માટે અનામત મેળવી લીધી. પરંતુ જો આપણે આપણા માટે અનામત માગીએ છીએ તો તેઓ આપણને 'સાંપ્રદાયિક' કહે છે.''

આંબેડકરના સ્વર્ગવાસ પછી પણ તેમના પ્રત્યેની ઘૃણા પેરિયારના મનમાં ઓછી નહોતી થઈ. તેમણે ૧૧ નવેમ્બર ૧૯૫૭ના દિને કહ્યું હતું કે એસ. સી. માટે અનામત મેળવીને એક રીતે આંબેડકરે બ્રાહ્મણો પાસેથી લાંચ સ્વીકારી છે. તેઓ એસ. સી. સમુદાયના કેટલા વિરોધી હતા તેનો ખ્યાલ એ વાત પરથી આવશે કે તેમણે કહ્યું હતું કે ''પરિઆહ (તમિળનાડુમાં એસ. સી.માં આવતી એક જ્ઞાતિ) સમુદાયની સ્ત્રીઓ જેકેટ પહેરવા લાગી છે અને પુરુષો સાક્ષર બનવા લાગ્યા છે, તેના કારણે કાપડના ભાવો વધી ગયા છે. ઈ. સ. ૧૯૬૩ના 'આંબેડકર' સામયિકના નવેમ્બર-ડિસેમ્બર અંકમાં અનેક એસ. સી. નેતાઓએ પેરિયારના આ નિવેદનની ટીકા કર્યાનું છપાયું હતું.

પેરિયાર માત્ર બ્રાહ્મણ અને એસ. સી. વિરોધી જ નહોતા, તેઓ બ્રિટિશ તરફી અને મુસ્લિમ લીગ તરફી પણ હતા. તેમણે પાકિસ્તાન માટેની મુસ્લિમ લીગની માગણીને સમર્થન આપ્યું હતું. જસ્ટિસ પાર્ટીને દક્ષિણનાં રાજ્યો મળી જાય તેની રજૂઆત કરવા તેઓ બ્રિટિશરો પાસે ગયા હતા અને તે પછી તેમણે મોહમ્મદ અલી ઝીણાની મદદ પણ માગી હતી. પરંતુ ખંધા ઝીણાને તો પાકિસ્તાનમાં જ રસ હતો, તેથી તેમણે ખભા ઉલાળીને પેરિયારને કહી દીધું હતું કે તમારી સમસ્યા માટે તમારે જ લડવું પડશે.

પેરિયાર ગાંધીના પણ કટ્ટર વિરોધી હતા. તેમણે કહ્યું હતું કે ''ગાંધીએ વર્ણાશ્રમની નાબૂદીની તરફેણ નથી કરી. ગાંધીએ બ્રાહ્મણોને નેતૃત્વમાં ચાલુ રાખ્યા અને સામાજિક પરિવર્તન સ્વીકારવા મનાવી પણ લીધા.'' ગાંધીએ અસ્પૃશ્યતા કર્મોનું પરિણામ હોવાનું કહ્યું હતું તેની પણ પેરિયારે ટીકા કરી હતી.

પેરિયાર હિન્દુ વિરોધી પણ હતા. તેઓ શ્રી રામને નબળા, અન્યાય કરનારા અને અત્યાચારી માનતા હતા અને રાવણને દ્રવિડિયન નાયક માનતા હતા. ઈ. સ. ૧૯૫૫ અથવા ૫૬માં તમિળ નાડુ કૉંગ્રેસ સમિતિના પી. કક્કનની ચેતવણી છતાં પેરિયારે મરીના (ચેન્નાઈનો સમુદ્ર કાંઠો) સુધી એક સરઘસ કાઢ્યું હતું અને શ્રી રામનાં ચિત્રો બાળ્યાં હતાં !

ઈસ્લામ વિશે પેરિયાર માનતા હતા કે ''મુસ્લિમો દ્રવિડિયનોની પ્રાચીન વિચારસરણીને અનુસરી રહ્યા છે. દ્રવિડિયન પંથ માટેનો અરેબિક શબ્દ ઈસ્લામ છે. જ્યારે આ દેશમાં બ્રાહ્મણવાદ થોપવામાં આવ્યો ત્યારે મોહમ્મદ નબીએ ઈસ્લામ તેનો વિરોધ કર્યો. (ઈસ્લામમાં પણ ચોક્કસ વર્ગને વિશેષાધિકાર છે તેની વાત તેમણે ક્યારેય ન કરી.) પેરિયાર ખ્રિસ્તી પંથના પણ પ્રશંસક હતા.

અત્રે એ પણ નોંધવું જોઈએ કે આજે જે રાહુલ ગાંધી દલિતો-એસટી-ઓબીસી વગેરેની વાતો કરીને બ્રાહ્મણોના વિરોધને (જેએનયૂ ગેંગ) સમર્થન કરે છે તેમના પિતાના નાના જવાહરલાલ નહેરુએ પાંચ નવેમ્બર ૧૯૫૭ના દિને કૉંગ્રેસ નેતા કે. કામરાજને પત્ર લખી પેરિયારના બ્રાહ્મણ વિરોધી અભિયાન અંગે અપ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ અભિયાનમાં પેરિયારે બ્રાહ્મણોને મારી નાખવા આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે પેરિયાર એક અપરાધી અને પાગલ છે. તેમને પાગલખાનામાં મૂકીને તેમના વિકૃત મગજનો ઉપચાર કરાવવો જોઈએ.

પેરિયારનું અવસાન ૨૪ ડિસેમ્બર ૧૯૭૩ના દિને થયું પરંતુ ત્યાં સુધીમાં તેઓ ડીએમકે અને તે પછી તેમાંથી સર્જાયેલા એઆઈએડીએમકેના રૂપમાં અને કેરળમાં સામ્યવાદી તેમજ કૉંગ્રેસ પક્ષના નેતાઓમાં ઉપરોક્ત બધા જ વિભાજનનાં બીજો વાવતા ગયા હતા.

(આપણી લેખમાળા ચાલુ જ છે. આવતા અંકે પશ્ચિમમાં આંબેડકર પહેલાં કોણે અનામત લાગુ કરી દીધી હતી તેની અને આંબેડકરના પક્ષની વાત કરીશું.)


■ jaywant.pandya@gmail.com


# ગાંધીયન, નહેરુવિયન, રાજીવિયન, રાહુલીયન, છગનીયન, મગનીયન કૉંગ્રેસ

કૉંગ્રેસનું એક પ્રારબ્ધ કાયમ પક્ષની સાથે રહ્યું છે, એ પ્રારબ્ધ છે... ભાગલા. ડીસેમ્બર ૧૯૦૭ના નાનપુરા સુરતના અધિવેશનમાં જવાળ મવાળના ભાગલાથી લઈને આજના મણિશંકર ઐયરના નિવેદનો સુધી કોંગ્રેસ આ બાબતે નિયમિત રહી છે કે સમયના અમુક અંતરાલ બાદ પક્ષમાં બાગી પેદા થઈ જાય છે. દેશના ઘણા મોટા પ્રાદેશિક પક્ષો કોંગ્રેસમાંથી છુટ્ટા પડેલા છે. મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ, શરદ પવારની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી, જગનમોહનની વાય. એસ.આર. કોંગ્રેસ અને કે એમ જયોર્જની કેરળ કોંગ્રેસ જેમાં મુખ્ય છે. અત્યાર સુધી લગભગ ૭૦થી વધુ પક્ષો કોંગ્રેસમાંથી વિભાજિત થઈને અલગ અસ્તિત્વ ધરાવે છે. જવાહરલાલ નહેરુના પિતા મોતીલાલે કોંગ્રેસ તોડીને સ્વરાજ પક્ષ સ્થાપ્યો હતો. સુભાષ બાબુએ ફોરવર્ડ બ્લોક, કૃપલાણીએ કિસાન મઝદૂર પ્રજા પાર્ટી, એન જી રંગાએ હૈદરાબાદ રાજ્ય પાર્ટી, સી, રાજગોપાલાચારીએ ઈન્ડિયન નેશનલ ડેમોક્રેટિક પાર્ટી, ૧૯૫૯માં બિહાર, ગુજરાત, ઓડીસા અને રાજસ્થાનમાં કોંગ્રેસમાં મોટા ભાગલા પડ્યા હતા, ચૌધરી ચરણસિંહે ભારતીય ક્રાંતિ દળ જે પછીથી લોકદળ થયું, ત્યારબાદ ઈન્દિરા ગાંધીની પક્ષે હકાલપટ્ટી કરી અને એણે અલગ કોંગ્રેસની સ્થાપના કરી જે આજનો કોંગ્રેસ પક્ષ છે. એસ. નિજલિગપ્પાના નેતૃત્વમાં ઈન્દિરા ગાંધીથી છુટા પડેલા કામરાજ, મોરારજી દેસાઈ અને સદોબા પાટિલ જેવા નેતાઓએ પોતાનો અલગ પક્ષ સ્થાપ્યો જે સંસ્થા કોંગ્રેસ તરીકે જાણીતો બન્યો હતો. વી. પી. સિંહે કોંગ્રેસથી અલગ થઈને જનમોરચાની સ્થાપના કરી જેનું વિઘટન થઈને આજે તેમાંથી જનતાદળ, જનતાદળ (યુ), આર.જે.ડી. અને સમાજવાદી પાર્ટીનો જન્મ થયો. કેપ્ટન અમરિંદર સિંગે પંજાબમાં પંજાબ લોક કોંગ્રેસની સ્થાપના કરી અને બાદમાં તેને ભાજપમાં ભેળવી દીધો. ત્યારબાદ ગુલામનબી આઝાદ, અશોક ચવાણ, જ્યોતિરાદિત્ય સિંધિયા, હેમંત બિસ્વા સરમા, કિરણ રેડ્ડી, પેમાં ખાંડુ, નારાયણ રાણે, વિજય બહુગુણા, એસ એમ ક્રિશ્ના જેવા ધુરંધરોએ કોંગ્રેસ છોડીને બીજા પક્ષો (મુખ્યત્વે ભાજપ) જોઈન કરી હતી.

સમયાંતરે કોંગ્રેસમાંથી મોટા નેતાઓ માળાના મણકાની જેમ છુટ્ટા પડતા રહ્યા છે. નવા નવા પક્ષો બનતા રહ્યા છે. જે માળા એક વખત ડુંટી સુધી પહોચે એટલી લાંબી હતી એ આજે તૂટી તૂટીને ગળામાં ભીંસ કરે એટલી નાની બની ગઈ છે, હવે લાગે છે કે એક વખત ફરી જો તૂટી તો ગળામાં પહેરવા યોગ્ય નહિ બચે. ભારતીય રાજનીતિમાં કોંગ્રેસ સૌથી જુનો રાજકીય પક્ષ છે. લગભગ સાત દાયકા સુધી કોંગ્રેસે દેશ પર શાસન કર્યું છે. પક્ષ તૂટતો રહ્યો પણ ફરીને સત્તા મેળવતો રહ્યો. ભાગલા બાદ પણ પ્રજાએ ભાંગેલી કે તૂટેલી કોંગ્રેસને જ પસંદ કરી હતી. વર્ષો સુધી નહેરુની આભા દેશ પર છવાયેલી હતી પ્રજા આઝાદીના હેંગઓવરમાં હતી. ત્યારબાદ ઈન્દિરા ગાંધીનું લોખંડી અને ઈમરજન્સી વાળું શાસન આવ્યું. તેમ છતાં જનતાએ ફરી ફરીને કોંગ્રેસના હાથમાં દેશની ધુરા સોંપી હતી. એ સમય હતો જયારે કોંગ્રેસ પાસે હિસાબ માંગવા જવાની પ્રજાની હિંમત નહોતી. દેશમાં કોઈપણ નવું સરકારી એકમ, સાહસ, એવોર્ડ, યોજના, નીતિ, કે પ્રકલ્પ બનતો કે અમલમાં આવતો ત્યારે એને નહેરુ ગાંધી પરિવારનું જ નામકરણ કરવામાં આવતું અને જનતાએ આ સ્વાભાવિક છે એમ માનીને સ્વીકારી લીધું હતું. ત્યારે કોંગ્રેસ પાસે પહેલી, બીજી અને ત્રીજી હરોળના નેતાઓની કતાર હતી અને પેઢી દર પેઢી આ કતારમાં નવા નેતાઓ આવતા રહેતા હતા જે આ પરિવારની પ્રથાને આગળ વધારવા થનગનતા રહેતા. એક એવું વાતાવરણ અને આભા ઉભી કરી દેવામાં આવી હતી કે આ પરિવાર સિવાય દેશનો ઉદ્ધાર શક્ય નથી. જે આ સામંતશાહી માનસિકતા સાથે અસમત થયા તેમને પક્ષ અને સત્તામાં સાઈડ લાઈન કરી દેવામાં આવ્યા. હવે આમાંના જેમની મહત્વકાંક્ષાઓ પ્રબળ હતી અને કોંગ્રેસ પક્ષ સિવાય પણ પોતાનો સ્વતંત્ર જનાધાર હતો એમણે કોંગ્રેસથી અલગ બીજી રુખ લઈ લીધી.


રાજકીય રસધાર

પ્રવીણ માધાણી


કોંગ્રસના ભાગલામાં એક પેટર્ન જ સતત ચાલતી આવી છે અને કાયમી છે. એ છે, નહેરુ ગાંધી પરિવારની નજીક અને દૂરની પેટર્ન. જે નજીક છે એ સર્વાઈવ કરી જાય છે અને જે દૂર થાય છે એ પક્ષમાંથી ફેંકાઈ જાય છે. પત્રકારો અને બીજા રાજકીય તજજ્ઞો પણ કોંગ્રેસ પક્ષની ચર્ચા કરતી વખતે આ પરિમાણનો ઉપયોગ કરે છે કે કોણ આ પરિવારની નજીક છે અને કોણ આ પરિવારથી દૂર છે. ગાંધી પરિવારની નજીક હોવું એ કોંગ્રેસી હોવાનો આજનો લીટમસ ટેસ્ટ છે. આજની તારીખે પક્ષ કોઈ નીતિ આધારિત ચાલતો હોય તેવું નથી લાગતું. પક્ષે કોઈપણ બાબતમાંથી બોધ લેવાનું બંધ કરી દીધું છે. સામાન્ય રીતે પક્ષમાં સ્તર મુજબ નેતા ઉપરના સ્તરથી આત્મસન્માન માંગે છે. ઉપલા સ્તરના મોટા નેતાઓ જયારે નીચેના સ્તરના નેતાઓને ઈચ્છિત જગ્યા કે માન સન્માન ન આપે ત્યારે નીચેના પાસે બહુ વિકલ્પ બચતા નથી. વિવાદિત નિવેદનો માટે જાણીતા મણિશંકર ઐયર જેવા વરિષ્ઠ કોંગ્રેસી નેતા કોંગ્રેસને ઝગડતા વીંછીઓનું ઝુંડ કહે છે. કોંગ્રેસી હોવા છતાં એ નિવેદન આપે છે કે કેરળમાં લેફ્ટ જીતશે, જીતવો જોઈએ. બીજા પંજાબના એક કોંગ્રેસી નેતા કહે છે કે રાહુલ ગાંધી સાથે ત્રણ વર્ષથી મુલાકાતનો સમય નથી મળતો. પક્ષના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે છે, જે જાહેરમાં કબૂલ કરે છે કે હું જે કાઈ છું એ ગાંધી પારવારને લીધે છું. બીજી તરફ ભાજપ જેવા પક્ષના સતત ત્રણ ટર્મથી ચૂંટાતા અને લગભગ પચાસ વર્ષનું જાહેર જીવન અને પચ્ચીસ વર્ષથી હેડ ઓફ ધ ગવર્નમેન્ટ રહેલા વડાપ્રધાન મોદી પિસ્તાલીસ વર્ષના પોતાના પક્ષ પ્રમુખને જાહેરમાં કહે છે કે એક પાર્ટી કાર્યકર્તા તરીકે તમે મારા બોસ છો.

કોઈ હોમવર્ક કરીને કોઈ મુદ્દે ઉતરવું હવે કોંગ્રેસની ફિતરત રહી નથી. એક નકારાત્મક રાજનીતિ થકી અસ્તિત્વ ટકાવવાનો પ્રયત્ન સતત નિષ્ફળ જઈ રહ્યો છે. ગાંધી પરિવારની વ્યક્તિ બદલતા પક્ષનું કલેવર બદલતું રહે છે, પણ આ વખતે જે આઘાત લાગી રહ્યો છે એ ખુબ ઉંડો અને ઘાતક છે.

ક્વિક નોટ - એકવાર 'નહેરુ એવોર્ડ' ઈન્દિરા ગાંધીને અપાયો, જે એમની ગેરહાજરીમાં રાજીવ ગાંધીએ સ્વીકાર કર્યો. એક અખબારે લખ્યું કે 'રાજીવ ટેક્સ નહેરુ એવોર્ડ ફોર ઈન્દિરા'.


■ production@infiniumpharmachem.com


# તમે ગોળગોળ જવાબ કેમ આપો છો?

(૧)ચા પીવે તે ચબરાક તો દૂધ પીવે તેને શુ ઉપનામ આપી શકાય?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

દૂધરાક.

(૨)તમે ગોળગોળ જવાબ કેમ આપો છો?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

સવાલ લંબચોરસ હોય છેને!

()લોકોમાં વાંચનપ્રેમ વધે એ માટે શું કરવું જોઈએ?

રામભાઈ પટેલ (સુરત)

પુસ્તકાલયમાંથી લઈ આવ્યા હો એ પુસ્તક પરત કરવું!

(૩)ગાડી જો ડ્રાઈવર વગર રિમોટથી ચાલતી હોય તો ડ્રાઈવરની શું જરૂર છે? માહીબેન ડણાક (અમરેલી)

રિમોટ ચલાવવા ડ્રાઈવરની જરૂર પડેને!

(૪)અભી ના જાઓ છોડકર કી દિલ અભી ભરા નહી!.. તો જવું ક્યારે? દર્શન પટેલ (વડોદરા)

ગયા જ શું કામ?

(૫)કેટલા કિલો બદામ ખાઈએ તો બુધ્ધિ આવે?

રમાબેન પટેલ (અમદાવાદ)

તમે કેટલા કિલોએ પહોંચ્યા છો?!

(૬)તમે અમારા ગામની મુલાકાતે આવી ગયા પણ અમને જાણ પણ ન કરી?

અશોકભાઈ નાથાભાઈ (જસદણ)

હું ક્યાંય જાઉં છું એની કોઈને જાણ કરતો નથી. કારણ કે ખબર પડે એટલે લોકોના ટોળા ભેગા થઈ જાય છેપ. ઉઘરાણી કરવા!

(૭)પહેલાંના અને હવેના મકાનમાં શું તફાવત?

નીરવ ડણાંક (અમરેલી)

પહેલાં મકાનોની દિવાલોને માત્ર કાન જ હતા , હવે કેમેરા પણ હોય છે!

(૮)સલાહ આપવી સારી કે લેવી સારી ?

જીગર યાદવ (ગુરુ) (દાત્રાણા-પાટણ)

આમાં મારે સલાહ આપવાની છે કે જવાબ?

(૯)સાહેબ..! મનમાં ને મનમાં મુંઝારો ક્યારે થાય..?

ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)

કોઈક આવો સવાલ પૂછે ત્યારે.

(૧૦)સાહેબ..! જમીનમાં ગુરૂત્વાકર્ષણ છે તો પણ વિમાનો ઊંચે કેમ ઉડે..?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા )

એ નિયમની તમને ખબર હોય, વિમાનને ન હોયને!


હાસ્યાય નમઃ

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩


(૧૧)જ્યાં સજ્જન માણસનો વસવાટ હોય એને શું કહેવાય?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

અમારી સોસાયટીનું નામ તો તમને આવડે જ છે.

(૧૨) સરકાર કૂતરાની ગણતરીનું કામ હાસ્ય કલાકારોને આપે તો? રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

કૂતરાને દાંત કાઢતા આવડી જાય અને પછી શેરીમાં કૂતરાં સામસામે ભસે નહી, હસે!

(૧૩)તમને ડિજિટલ એરેસ્ટ કર્યા હોય તો હેકરને કેટલા કરોડની કમાણી થાય? કનુભાઈ પરમાર (દામનગર)

ઊલટાના એ મને વાપરવાના આપી જાય!

(૧૪)શ્વાન ગણતરીમાં તેમના પૂર્વજોના નામ ક્યાંથી મળશે? જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

પૂર્વજોના નામ તો પછીની વાત છે પણ અત્યારના શ્વાનના નામ પણ ક્યાંથી કાઢીશું?

(૧૫) કોઈ શ્વાન આજે આ શેરીમાં હોય તો કાલે બીજી શેરીમાં હોય. તો એની ગણતરી કેમ કરવી?

બકુલભાઈ વિજયભાઈ (અમરેલી)

એ શ્વાન છે, માણસ નહી. પોતાની હદની બહાર ન જાય. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# માત્ર મંદિરમાં જ નહિ, રામ આપણા હૃદયમાં પણ બિરાજવા જોઈએ



સપ્તરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

રામના વ્યક્તિત્વનો ભારતીય જનજીવનના પર ઘેરો પ્રભાવ છે. પોતાની જિંદગી અનેક પ્રકારના સંઘર્ષમાં વીતાવી હોવા છતાં રામ ભારતીય પ્રજા માટે આદર્શ છે. એક રાજકુમાર હોવા છતાં એમણે સામાન્ય મનુષ્ય ભોગવે એનાથી પણ અધિક દુઃખો ભોગવ્યા છે. છતાં એક પણ દુઃખમાં તેઓ હારી કે થાકી ગયા નથી. પિતાને કે પિતાના વચનને અનુસરવું એ કોઈ આસાન કામ નથી. રાજા દશરથ અંગે એનાથી પણ વધુ મહત્ત્વનું એ છે કે સંતાનો પર પોતાનું વાત્સલ્ય એટલું બધું હોય કે પોતાના એક પણ વચનનો સંતાનો અનાદર ન કરી શકે એ સ્થિતિ નિર્માણ કરવી પણ એટલી જ અઘરી છે. રામે પિતાના વચનનું પાલન કર્યું એમાં એ વાત વધુ મહત્ત્વની છે કે મહારાજ દશરથનું પિતૃત્વ જ એટલું ઘટાદાર હતું કે એમના એક પણ શબ્દનું રામ ઉલ્લંઘન કરી ન શકે.

રાજા દશરથે રામને પોતાના હૃદયને સમાંતર રાખ્યા હતા અને પછી સ્થિતિ એવી આવી ગઈ કે રામ જ દશરથનું હૃદય બની હતા. એ જ કારણસર રામની વનગમન વેળાએ દશરથનો આત્મા અંતરીક્ષમાં ગમન કરી ગયો. આપડે રામને વંદન કરીએ છીએ એની સાથોસાથ દશરથના પિતૃત્વને પણ વંદન કરવા જોઈએ. આપણે જેટલી રામની ઉપાસના કરીએ છીએ એટલા એમના સદગુણોને આપણા જીવનમાં ઉતારવા જોઈએ.

સર્વોચ્ચ અદાલતે આપેલા ચૂકાદાને કારણે રામજન્મભૂમિ પર, એટલે કે અગાઉના વિવાદાસ્પદ સ્થળે અયોધ્યામાં હવે રામ મંદિરનું નિર્માણ થશે. હમણાં થોડો સમય રામ ભક્તિનો પ્રલય થશે અને પછી શમી જશે. ભક્તિ તો સર્વકાલીન છે, પ્રાસંગિક નથી. આપણા દેશમાં તો પણ લોકહૃદયમાં રામ અને કૃષ્ણ સમાન ઊંચા આસને બિરાજે છે. રામની લોકપ્રિયતાનું કારણ એ છે કે તમામ દૈવી ક્ષમતાઓ અને મહાન વિદ્યાઓ હોવા છતાં એમણે સતત એક સામાન્ય મનુષ્ય જેવી જિંદગી અને એવી જ વિટંબણાઓને સ્વીકારીને સંઘર્ષ કરીને એમાંથી બહાર આવવાનો ઉપક્રમ રાખ્યો. રામનું મંદ મંદ હાસ્ય કરોડો ભારતીયોના દિલમાં વસેલું છે.

આપણી પાસે રામની બાળલીલાના બહુ પ્રસંગો નથી. રામના ચરિત્રમાં લીલા તો હોય જ નહિ. રામ ધીરોદાત્ત એટલે કે પરમ ધૈર્યવાન અને મહાન નાયક છે. લીલાઓનો લીલાધર શ્રી કૃષ્ણ છે. એટલે જ રામને મર્યાદા પુરુષોત્તમ અને કૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમ કહેવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિની મર્યાદાઓ અને ઉચ્ચ સંસ્કારના ગિરિશિખરો પર રામનું આસન છે. રામ વશિષ્ઠ અને વિશ્વામિત્રના શિષ્ય છે. એને કારણે એમનામાં વિશ્વામિત્રની અમોઘ ધનુર્વિદ્યા અને વશિષ્ઠની સંયમિત જ્ઞાનધારા સમાયેલી છે. રામ એક શાન્ત સાગર જેવી પ્રતિભા છે. ભારતીય પ્રજા શાંતિપ્રિય છે એટલે એને બહુ ઝડપથી રામમાં પોતાનું પ્રતિબિંબ દેખાય છે. વાલ્મિકીએ લખેલું રામાયણ તેમનો સાક્ષાત્કાર થયા પછી અને રામનો પૂર્ણ અનુભવ થયા પછી લખાયેલું છે તો પણ વાલ્મિકી કૃત રામાયણમાં સીતાજીનો એટલો બધો પક્ષપાત કરવામાં આવ્યો છે અને રામપર કેટલાક આક્ષેપો પણ કરવામાં આવ્યા છે એને કારણે ભારતીય પ્રજામાં વાલ્મિકી રામાયણ લોકપ્રિય થયું નથી.

એટલું જ નહીં ભારતમાં ક્યાંય પણ વાલ્મિકી રામાયણની પારાયણ થતી નથી. છતાં એ ગ્રંથને સૌથી વધુ આધારભૂત ગ્રંથ માનવામાં આવે છે કારણ કે રામ અને વાલ્મિકી બંને સમકાલીન હતા. રામે જ્યારે સીતાજીનો ત્યાગ કર્યો ત્યારે સીતાજીએ ઋષિ વાલ્મિકીના આશ્રમમાં જ આશ્રય લીધો હતો. એ સમયે લવકુશના જન્મને થોડી વાર હતી. પછીથી સીતાજીએ બે પુત્રોને જન્મ આપ્યો હતો. લવ અને કુશ બંને પુત્રો રામની પ્રતિભા જેવા જ મનોહર અને શીલવંત હતા. વાલ્મિકી ઋષિએ એમને ધનુર્વિદ્યાના રહસ્યમય મંત્ર પણ શીખવાડ્યાઊ હતા, જેને કારણે બાલ્યકાળે જ લવકુશે રામના અશ્વમેધ યજ્ઞ દરમિયાન છુટા મુકાયેલા અશ્વને પકડ્યો હતો અને લક્ષ્મણની ચતુરંગી સેના ને પરાજિત કરી હતી.

વાલ્મીકિ રામાયણમાં રામનું એક મનુષ્ય તરીકે નું ચરિત્ર ચિત્રણ છે. પણ સર્વશ્રેષ્ઠ મનુષ્ય તરીકે તેમને આલેખવામાં આવ્યા છે. વાલ્મિકીએ નારદજીને એવો પ્રશ્ન કર્યો હતો કે મને કોઈ એવા મનુષ્યનું નામ આપો કે જેનું ચિંતન કરવાથી મારા હૃદયમાં રહેલો શોક દૂર થાય, ત્યારે નારદજીએ વાલ્મિકીકને દશરથપુત્ર રામ પર ચિંતન કરવાનું કહ્યું હતું. રામ અને સીતાનું દાંપત્યજીવન થોડું વેરવિખેર છે. એને કારણે આપણે ત્યાં નવદંપતીને સીતારામ જેવા દાંપત્યના આશીર્વાદ આપવામાં આવતા નથી પરંતુ શિવ અને પાર્વતી જેવા અથવા તો વશિષ્ઠ અને અરુંધતી જેવા દાંપત્યજીવનના આશિષ વચન આપવામાં આવે છે. સીતા અને રામનું જીવન સંઘર્ષમય પસાર થયું છે.

તો પણ ભારતીય પ્રજા સીતારામને જ નજર સમક્ષ રાખીને જીવન પસાર કરે છે. રામે સદાય પોતાની પ્રજાના સુખની કામના કરી છે અને પ્રજાએ સદાય રામને પોતાના પ્રિય રાજાની જેમ હૃદય પર રાખ્યા છે. આજે પણ ભારતમાં રામરાજ્ય શબ્દ સર્વ શ્રેષ્ઠ શાસન માટે પ્રયોજાય છે, જે બતાવે છે કે રામે જેટલા પણ વર્ષ શાસન કર્યું હશે તે સંપૂર્ણ ન્યાયિક અને સર્વશ્રેષ્ઠ હશે. રામે પિતા દ્વારા ઉચ્ચારાતા વચનનું પાલન કરવાનો આદર્શ ભારતીય પ્રજા સમક્ષ મૂક્યો. સમગ્ર રામાયણનો આત્મા જ એ છે કે બીજાના સુખ માટે જીવન પસાર કરવું અને માતા-પિતાની આજ્ઞાનું પાલન કરવું. એની સામે મહાભારતમાં માત્ર પોતાના સુખની ચિંતા કરનારા અનેક પાત્રોનો કોલાહલ છે, જેની વચ્ચે પંચદલ કમલની જેમ પાંચ પાંડવોનું વ્યક્તિત્વ પૂરબહારમાં ખીલે છે. છેવટે વિજય પાંડવોનો જ થાય છે. કારણ કે તેઓ ધર્મના પક્ષે હતા. પરંતુ રામાયણમાં તો રાવણ કે કૈકેયી કે શૂરપંખા જેવા થોડાક જ પાત્રો છે કે જેઓ અધર્મનો આશ્રય લે છે. એ સિવાય રામાયણના દરેક પાત્રને પોતપોતાની આભા અને પોતાની ધર્મ ચેતનાનું અદ્વિતીય તેજ છે. ■

# આનંદ જમીને ઊભો થયો અને ખાટલા ઉપર આડો પડ્યો



## રાગ - વૈરાગ - ૧૧

લઘુનવલકથા



યોગેશ પંડયા

એ જ્યારે ઘેર આવ્યો ત્યારે પિતાજી હતા નહી. તેણે પૂછ્યું હતું.જવાબમાં નિર્મળાએ કહ્યું હતું"'આહલપર ગયા છે. રામભાઈને ત્યાં રાંદલ અને કથા છે. આજે કદાચ રાતે ત્યાં રોકાવાના છે.'

'ઠીક.' કહી તે આડો પડયો હતો.

'લે, ચાલ જમી લે.' થાળી પીરસી, આસન પાથરી, પાણીનો લોટો પિયાલો ભરી નિર્મળાબહેને કહ્યું હતું.

બા આગ્રહ કરી કરીને તેને જમાડતી હતી. અનાયાસ પૂછી બેઠી હતી., 'બેટા, તને ત્યાં જમવાનું ફાવે છે?'

'અરે, બા શી વાત કરું? અસ્સલ ઘર જેવી જ રસોઈ બનાવે છે રૂપા.'

'રૂપા?' નિર્મળાબહેને પૂછ્યું, 'એ વળી કોણ?'

'કોણ બીજું? રાવજીભાઈની દીકરી, પણ બા શી વાત કરું એની તને? રસોઈ તો એની જ હોં બા. જાણે આંગળાં જ ચાટી જઈએ એવી રસોઈ બનાવે. એના હાથના બાજરાના રોટલા, આખા રીંગણાનું શાક, એના હાથની લાપસી તો ખાધા જ કરીએ એવું થાય. અને કઢી? કઢી તો રૂપા જ બનાવી જાણે. બીજા કોઈનું કામ નહીં.'

'છતાં પણ બા યાદ આવે ખરીને?'

'લે, તું તો જો, કેવી વાત કરે છે? તું કાંઈ થોડી એમ ભુલાય?' તને હું થોડો ભૂલી શકું? આ તો તેં જમવાની વાત કરી એટલે મેં તને કીધું. હું કાંઈ ખોટું નથી બોલતો. તું ખોટું નહીં માનતી. ખાતરી કરવી હોય તો આવ મારી સાથે બાદલગઢ. તને રૂપાના હાથની રસોઈ ચખાડું, પછી તું જ કહીશ , કે ના ના...આનંદ ખોટું નથી બોલતો.'

'તો સારું. મને હવે તારી ચિંતા નહીં થાય.''

'જરાય નહીં કરવાની. એ લોકો મારું કેટલું બધું ધ્યાન રાખે છે. એ તો તું ત્યાં આવીને, જોને પછી ખબર પડે.'

આનંદ જમીને ઊભો થયો અને ખાટલા ઉપર આડો પડ્યો. આંખો ઘેરાવા લાગી હતી.. આનંદને ખાટ ઉપર જ સૂતો જાણી નિર્મળાબહેને તેને ઢંઢોળીને કહ્યું, 'તું ઉપર જઈને તારા રૂમમાં જ સૂઈ જજે બેટા. નહીંતર બેય બગડશે. હમણાં ઓલી કાનુ, ચંપા, લખમી આવશે. તને સૂવા નહીં દે.' જવાબમાં તેણે કહ્યું હતું.

'કાલ આખી રાત ઊંઘ જ નથી આવી. એમાં પાછું મારા પિતાજીએ એમ લખ્યું હતું કે તાત્કાલિક જરૂરનું કામ પણ છે એટલે એની ચિંતા.' કહી તે અટક્યો હતો, 'એવું તો શું કામ હતું બા?"

'એ પછી નિરાંતે વાત.' નિર્મળાબહેન હસતાં હસતાં રસોડામાં ચાલ્યા ગયાં હતાં.આનંદ કળી ન શક્યો. જે હોય તે વિચારી ઉપર જઈને સૂઈ જવાનો વિચાર કરી ઊભો થયો.

આમ તો ગામમાં જવાનું મન થયું. પણ થાક અને ઊંઘને લીધે તેણે બહાર જવાનું માંડી વાળ્યું અને ઉપર જઈને સૂઈ ગયો. બંધ આંખોમાં રૂપા નામનું પંખી પાંખો ફફડાવી ને આવી બેઠું....

★★

આ તરફ પણ રૂપા ઉદાસ હતી. એ ધીમે ધીમે પગથિયા ચડીને મેડા ઉપર આવી. આનંદ વગરનો મેડો સાવ સૂનો હતો.સૂનો તો હતો પણ સૂનકાર પણ ફેલાયેલો હતો..તેના કાળજે જાણે કસક ખૂંચી.અને આનંદના વિરહમાં જાણે અજાણે આંખોમાં બે ચાર આંસુ પણ ઉમટી આવ્યા.તેણે આંખો લૂછી. આનંદ નો પડઘો ગુંજી રહ્યો. જાણે હમણાં બોલ્યો કે બોલશે..ની ભ્રાંતિ થઈ ઊઠી. એણે બારીમાંથી બહાર જોયું. તેને ખબર હતી કે પોતે જ્યારે વાડીએ જવા નીકળતી ત્યારે આનંદ તેને આ બારીએ ઊભા રહી તાક્યા જ કરતો. એ એને ગમતું. તેની અંદર કશુંક સળવળ થઈ ઊઠતું.આ આનંદ આવ્યા પછી કોણ જાણે અંદરથી એકલું એકલું પણ ગમવા માંડ્યું હતું પણ એ આનંદ માં આનંદ પણ સહભાગી થાય તેવું એ ઈચ્છતી રહેતી.અને આનંદ પણ એ જ રીતે તેની નજીક ને નજીક આવી રહ્યો હતો એનો અહેસાસ અત્યારે તેને થઈ રહ્યો.કે પોતે પણ આનંદ ની કેટલી બધી નજીક આવી ગઈ હતી!.

તેણે પથારી ઉપર ગડી કરીને વાળેલી ચાદર હાથમાં લીધી.તો આનંદ જે પરફ્યુમ, કપડાં ઉપર રોજે રોજ છાંટતો તેની સુગંધ તેના શ્વાસમાં સમાઈ વળી.. તેણે એ ચાદરને ચૂમી લીધી.

★

આનંદને વળી વળી ને એક જ વિચાર આવતો હતો કે બાપુજીએ પત્રમાં આ બાબતે તેને જાણ કરવી જરૂરી હતું.કે વાત આમ છે!હવે એ બાબત જ પિતાજીએ ગોપિત રાખી એ એને જરાય ગમ્યું નહોતું પિતાજીએ ખુલાસો કરતા પોતાને કહ્યું કે તને ખાસ આટલા માટે બોલાવ્યો છે. શું પિતાજીનું આ પ્રકારનું પગલું યોગ્ય છે? એ પોતાની જાતને પૂછી રહ્યો.પણ શું થાય? .અને હવે તો...બધું પૂરું થઈ ગયું!

બા કહેતી હતી કે ઘરબાર સારું અને ખાનદાન છે. ખાધેપીધે કુટુંબ સુખી હતું જ, સમૃદ્ધ પણ હતું. ઘરે મોટરકાર પણ હતી. અહીં આવ્યાના બીજા જ દિવસે બા-બાપુજીએ તેને પાસે બેસાડીને વાત કરી હતી.અને પોતે ના પાડી બેઠો હતો. સહેજ ગુસ્સામાં આવીને. તેણે કહી દીધું હતું, '...પણ તમારે મને પૂછવું તો જોઈએને? મને હજુ ' સેટ તો થવા દો.'

'હવે સેટ થવામાં શું બાકી છે? વરસ પછી તો તું નોકરીમાં કાયમી બની જઈશ.'

જવાબમાં તેણે કહ્યું; 'હમણાં લગ્ન માટેનો મારો કોઈ વિચાર નથી, પિતાજી.'

'આપણે ક્યાં ઉતાવળ છે બેટા? પણ ઘર-કુટુંબ-કન્યા બધું સારું જ હોય તો જોવામાં ક્યાં વાંધો છે?' નિર્મળાબહેન બોલી ઊઠ્યા હતા. ત્યાં જ કાંતિલાલે પણ કહ્યું, 'હવે અમારીય ઉંમર થઈ અને તનેય આવતાં માગશરમાં વીસમું ઊતરીને એકવીસમું બેસશે એટલે હવે થાય છે કે ઘરમાં વહુ આવી જાય એટલે નિરાંત.!"

માતાપિતાની બે કલાકની માથાકૂટ પછી આનંદને થયું કે હવે આ પ્રૌઢાવસ્થા વટાવીને આયખાને ઉંબરે ઊભેલું દંપતી મારી "ના" નો આઘાત કે ઘા જીરવી નહીં શકે... તો પછી રૂપા? તો પછી રૂપાની સાથે જિંદગી ગુજારવાના સમણાનું શું? પણ ના રે ,ના.મનવા. ! એવી છોકરી સાથે કાંઈ થોડાં લગ્ન થાય? સમાજ, કુટુંબ, રૂઢિ, પરિવાર અને જ્ઞાતિવાદનાં બંધનોએ પોતાને જાણે બાંધી દીધો છે. છતાં પણ તેને ભીતરથી તો થતું જ હતું કે રૂપાને તે પોતાના હૈયાથી તો ક્યારેય વેગળી નહીં કરી શકે. જિંદગીના અંતિમ શ્વાસ સુધી નહીં ભૂલી શકે. રૂપા તો પોતાના નામની પાછળ આવતું પૂર્ણવિરામ છે. એને કોઈ નહીં ભૂંસી શકે.

પોતાની અને રૂપાની વચ્ચે મમતાના જેટલાં પણ અદશ્ય બંધન હતાં તેને પોતાના હાથે જ કાપીને કોઈ નવા પાત્ર સાથે એ જ બંધન જોડવાનાં હતાં. શું કરવું? મઝધારે વમળમાં અટવાઈ ગયો હતો.તેને માં બાપે નિર્ણય કરવાની કે વિચારવાની તક જ આપી નહીં. અને હવે , જિંદગીનું આ એક એવું 'એડ્જેસ્ટમેન્ટ' હતું જેને અનુરૂપ થઈને હવે જીવવાનું હતું!.તેમ છતાં તેણે હર્ષદને વાત કરી.તો હર્ષદ તો ઊલટાનો તેની ઉપર ઉતરી પડ્યો હતો. જિંદગી તેને વ્યર્થ લાગી. અને તે ઘેર થી નીકળી ગયો.ટ્રેન ના ધડધડાટમાં તેની જિંદગી પણ છુટ્ટી ગયેલા એક એકલા અટુલા રેલવે સ્ટેશનની માફક દોરાહા ઉપર ઊભી હતી.લાંબી ખેપ કરીને આવેલો કોઈ મુસાફર , એક ક્ષણ માટે મોડો પડે અને ટ્રેન ચૂકી જાય ,બસ એવી જ મનોદશા આનંદ ની અત્યારે તો હતી!

(ક્રમશઃ) ■

# બિયર આમ ન પીવાય, ભાભી થોડો મોટો ઘૂંટડો ભરો....



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા



અમૃત પરમાર

"સારૂં..., તું નાહી લે ત્યૂ સુધીમાં હું ઘરનું અધૂરૂં કામ પૂરૂં કરી લઉં...." ઉભાં થતાં ભાભીએ આવું કહ્યું.

મહેશ તથેના રૂમમાં દાખલ થયો. બધાં કપડા કાઢી નાખી તે બાથરૂમમાં દાખલ થયો. ઠંડા ઠંડા પાણીથી નાહવા ભાગ્યો. આમ નાહવામાં લગભગ અર્ધો કલાક તેણે કાઢી નાખ્યો પછી નાઈટ ડ્રેસ પહેરીને તે રૂમમાંથી બહાર નીકળ્યો ત્યાં તો શાંતુએ અવાજ કર્યો : "મહેશ..., હવે તું સીધો જ રસોડામાં આવી જજે."

મહેશ રસોડામાં દાખલ થયો. ટેબલ પર બધું જ જમવાનું વ્યવસ્થિત રીતે ગોઠવેલ હતું. ખુરશી પર બેસી મહેશ થોડીવાર બધું જોતો રહ્યો. ત્યાં તો સામેની ખુરશી પર બેસતાવેંત શાંતુ બોલી : "તારે કે મારે અત્યારે જમવાની ઉતાવળ નથી. જો... મારી વાત સાંભળ : દામલ હાજર નથી એટલે તેને એક વાત કહું...?! આપણે બંન્ને થોડું થોડું બિયર પીએ તો..?"

"અરે ભાભી...! તને તો મારા મનની જ વાત કરી દી. મેં કયાંક વાંચ્યું છે કે એટલે કહું છું : બિયર એટલે જઉનું પાણી, બરાબરને ? એને પ્રોસેસ કરીને બિયર એનું નામ આપ્યું. બિયર પીવાના ઘણા ઘણા ફાયદા પણ છે. હા, બિયર એટલે દારૂ નહીં એની પણ મને ખબર છે, સાચું...?"

"હા....હા, સાવ સાચું મીહેશ. દામલ ખૂબ જ ટેન્શનમાં હોય તયારે કોઇ કોઇવાર બિયર લે છે. એટલે આજે મને પણ મન થયું કે, તને પણ બિયરનો નશીલો સ્વાદ ચખાડું. જો ને..કોણ જાણે મને પણ અત્યારે ટેન્શન તો છે જ, તારી કંપની છે એટલે હું પણ થોડું થોડું તારી સાથે લઇશ..., બરાબર..."

"ખૂબ ખૂબ સારૂં ભાભી ! તમે મને કંપની આપો તો ખૂબ મજા પડી જાય. કંઇ વાંધો નહીં તમે મારૂં કેટલું બધું ધ્યાન રાખો છો, હવે પહેલાં બિયરનું ગોઠવો ભાભી..."

ખુબ ખુશ થઇ શાંતુ ઊભી થઇ ફ્રીજમાંથી ખૂબ જ ઠંડુ એવું બિયરનું કેન બહાર કાઢી ટેબલ પર મૂકયા પછી શાંતુએ કહ્યું : "લે..., હવે તારા હાથે જ તું શીલ ખોલ...."

મહેશે બિયરનું કેન ફટાક કરતું ખોલ્યું. ત્યારે શાંતુ તો એકીટશે મહેશને જ જોઇ રહી હતી. ને શું થયું તે શાંતુ ઝડપથી પાછી ઊભી થઇને ફ્રીજમાંથી બિયરનું બીજું કેન પણ લઇ આવી, ને બોી : "આ...મારા માટે ખોલી આપ એક તારૂં ને એક મારૂં...બરાબર ?"

મહેશે બીજું કેન પણ ખોલ્યું ને ભાભીના હાથમાં આપતાં બોલ્યો : "જો... જો.. હોં ભાભી.... કયાક ઢળી ન થય.."

"ના..., ઢોળાવા નહીં દઉં...બસ ! અને ઢોળીશ તો તારા પર ઢોળીશ..., તેમજ નીચે નહીં ઢોળું..." શાંતુ બોલી : "મને તો ગભરાટ થતો હતો કે, આટલું મોડું થતાં હવે આજે તું નહી જ આવે. પણ હું ખોટી પડી.તું આવ્યો એ ખૂબ સારૂં થયું..."

"તમે મારી આવવાની કાગડોળે રાહ જોતાં હોં ને હું ન આવું તે થોડું ચાલે....?" મહેશ પણ ખુશીથી બોલ્યો.

"ચાલ હવે..." શાંતુ બોલી : "આવી વાતો કરવાનું બંધ કર અને પીવાનું ચાલુ કર..."

"ચાલ હવે..." શાંતુ બોલી : " આવી વાતો કરવાનું બંધ કર અને પીવાનું ચાલુ કર..."

"ભાભી...! તમારૂં કેન પણ મેં ખોલી આવ્યું છે. તમે પણ ચાલુ થઇ જાઓ..."

"હું તો થોડું જ લઇશ..."

"એવું ન ચાલે ભાભી, તમારે તમારૂં કેન પૂરૂં કરવું પડશે. હું તો મારૂં આ કેન પુરૂં કરીશ, બરાબર..." આટલું બોલી મહેશે તો કેન મોઢે માંડયું. એ સાથે જ તેની જીભ ચચરી ઊઠી. તેનું મોઢું થોડું બગડી ગયું. એટલે શાંતુ ભાભી ઊભાં થતાં બોલ્યાં : "ઊભો રહે..., મોઢું બગાડીશ નહીં... મસાલાવાળા કાજુ ફ્રીજમાંથી પડયા જ છે. હું ભૂલી ગઇ, હમણાં જ લઇ આવું છું..." તરત જ ફ્રીજમાંથી કાજુ લઇ આવી શાંતુએ ટેબલ પર મૂક્યાં એટલે એક કાજુ મહેશે મોઢામાં મૂક્યું, તેને ખૂબ મજા આવી.

થોડીવાર થઇ ત્યાં વળી પાછું મહેશે કેન મોઢે માંડયું. જેમ જેમ બિયર નો પેકમાં જતો ગયો તેમ તેમ મહેશને ખૂબ ખૂબ મજા આવવા લાગી ત્યારે શાંતુ તો મહેશને બસ એકીટશે જોઇ જ રહી હતી. તયાં તો મહેશ બોલ્યો : "તમારૂં કેન તો એમ જ આખું ભરેલું પડયેં છે, ભાભી ! આવું ન ચાલે... તમે મોઢે તો માંડો..." મહેશે આવું બોલતા હવે શાંતુએ તેનું બિયર કેન હાથમાં પકડયું, પછી હોઠે ધરી નાની એવી ચૂસકી જ ભરી. એની જીભ પણ ચચરી ઊઠી એટલે મોઢું થોડું બગડી ગયું. આવું જોઇ મહેશે હસતું કહ્યું : "બિયર આમ ન પીવાય, ભાભી થોડો મોટો ઘૂંટડો ભરો...." (ક્રમશઃ) ■


.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# આજે અમદાવાદમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે હાઈ-વોલ્ટેજ મેચ રમાશે

અમદાવાદ, તા.૨૧

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં આવતીકાલે, ૨૨ ફેબ્રુઆરીએ, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે સુપર-૮નો રોમાંચક મુકાબલો રમાશે. ભારતીય ટીમે પ્રથમ રાઉન્ડમાં સતત જીત મેળવી શાનદાર ફોર્મ સાથે સુપર-૮માં પ્રવેશ કર્યો છે. છેલ્લી લીગ મેચ નેધરલેન્ડ્સ સામે આ જ મેદાન પર રમાઈ હોવાથી





ભારતને સ્થાનિક પરિસ્થિતિનો લાભ મળી શકે છે.

બંને ટીમો વચ્ચેના ઈતિહાસ પર નજર કરીએ તો ભારતનું પલ્લું ભારે છે. કુલ ૩૫ ટી૨૦ મેચોમાંથી ભારતે ૨૧ અને દક્ષિણ આફ્રિકાએ ૧૩ જીતી છે. વર્લ્ડ કપના મંચ પર રમાયેલી ૭ મેચોમાં ભારત ૫-૨થી આગળ છે. જોકે, દક્ષિણ આફ્રિકાએ પણ આ ટૂર્નામેન્ટમાં પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે, જે મેચને વધુ રસાકસભરી બનાવશે.

ભારતઃ ઈશાન કિશન, અભિષેક શર્મા, સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા, રિંકુ સિંહ, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ વગેરે.


દક્ષિણ આફ્રિકાઃ ક્વિન્ટન ડી કોક, એઈડન માર્કરામ, ડેવિડ મિલર, માર્કો જેન્સેન, કાગીસો રબાડા, એનરિચ નોર્ટજે વગેરે.

# ટ્રમ્પનો વળતો પ્રહાર : સુપ્રીમ કોર્ટના આંચકા બાદ ગ્લોબલ ટેરિફ વધારીને ૧૫% કર્યો

**ટ્રમ્પે સેક્શન-૧૨૨ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને નવો આદેશ બહાર પાડ્યો**

નવી દિલ્હી, તા.૨૧

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વૈશ્વિક વેપાર પર આક્રમક વલણ અપનાવતા ગ્લોબલ ટેરિફ ૧૦%થી વધારીને ૧૫% કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણય અમેરિકી સુપ્રીમ કોર્ટ દ્વારા તેમના અગાઉના



ટેરિફને ગેરબંધારણીય જાહેર કર્યાના માત્ર ૨૪ કલાકમાં લેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે ૬-૩ની બહુમતીથી ચુકાદો આપ્યો હતો કે રાષ્ટ્રપતિ પાસે ટેરિફ લાદવાની સત્તા નથી, તે માત્ર સંસદ (કોંગ્રેસ) હસ્તક છે. કોર્ટના આદેશથી નારાજ ટ્રમ્પે સેક્શન-૧૨૨ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને નવો આદેશ બહાર પાડ્યો છે. ટ્રુથ સોશિયલ પર તેમણે ન્યાયાધીશોની આકરી ટીકા કરતા તેમને 'દેશ માટે કલંક' ગણાવ્યા હતા. આ નવો ૧૫% ટેરિફ ૨૪ ફેબ્રુઆરીથી અમલી બનશે. જોકે, ભારતના સંદર્ભમાં રાહત આપતા ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે ભારત સાથેની ટ્રેડ ડીલમાં કોઈ ફેરફાર થશે નહીં, અને પીએમ મોદીને તેમના 'સારા મિત્ર' ગણાવ્યા હતા.

# ભારત-યુએસ વેપાર કરારઃ કોંગ્રેસનો વડાપ્રધાન મોદી પર 'ઉતાવળિયા સોદા'નો આરોપ


નવીદિલ્હી,તા.૨૧

નવી દિલ્હીઃ યુએસ સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા વૈશ્વિક ટેરિફને રદ કરતાં ભારતીય રાજકારણમાં ગરમાવો આવ્યો છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે આરોપ લગાવ્યો છે કે વડાપ્રધાન મોદીએ રાજકીય દબાણ હેઠળ ઉતાવળમાં અમેરિકા સાથે એકતરફી વેપાર કરાર કર્યો છે. કોંગ્રેસના મતે, જો સરકારે યુએસ કોર્ટના નિર્ણયની રાહ જોઈ હોત, તો ભારતને કદાચ આકરી શરતોનો સામનો કરવો પડત નહીં. આ કરાર હેઠળ અમેરિકા ભારતીય આયાત પર ૧૮% ટેરિફ વસૂલશે, જે અગાઉ ૨૫% હતો. ટ્રમ્પે દાવો કર્યો છે કે ભારતે રશિયા પાસેથી તેલની ખરીદી ઘટાડી છે અને આ સોદો ભારત માટે ટેરિફમાં રાહત સમાન છે. જોકે, કોંગ્રેસે આ સોદાને ભારતીય ખેડૂતો અને આર્થિક સાર્વભૌમત્વ માટે હાનિકારક ગણાવીને ફરીથી વાટાઘાટો કરવાની માંગ કરી છે.

# ઈન્દોરમાં ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર અથડામણ, શર્ટલેસ વિરોધ મુદ્દે પથ્થરમારો

ઈન્દોર, તા.૨૧

દિલ્હીના ભારત મંડપમ ખાતે યુવા કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા 'શર્ટલેસ' વિરોધ પ્રદર્શનના પડઘા ઈન્દોરમાં પડ્યા છે. શુક્રવારે ઈન્દોરમાં ભારતીય જનતા યુવા મોરચા અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેમાં બંને પક્ષે પથ્થરમારો થતા અનેક કાર્યકરો ઘાયલ થયા છે. દિલ્હીમાં યોજાયેલી 'AI ઈમ્પેક્ટ



સમિટ' દરમિયાન કોંગ્રેસના અર્ધ-નગ્ન પ્રદર્શનને ભાજપે દેશની છબી ખરાબ કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો. ભાજપ યુવા મોરચાના કાર્યકરો ઈન્દોર સ્થિત કોંગ્રેસ કાર્યાલય (ગાંધી ભવન)નો ઘેરાવ કરવા પહોંચ્યા હતા. પોલીસે બેરિકેડ્સ લગાવી સ્થિતિ સંભાળવાનો પ્રયાસ કર્યો હોવા છતાં, બંને પક્ષો સામસામે આવી ગયા હતા અને જોરદાર પથ્થરમારો શરૂ થયો હતો. BJYM શહેર પ્રમુખ સૌગત મિશ્રાએ આક્ષેપ કર્યો હતો કે જ્યારે વિશ્વ ભારતની ટેકનોલોજીની પ્રશંસા કરી રહ્યું છે, ત્યારે આવા પ્રદર્શનો રાષ્ટ્રની ગરિમા વિરુદ્ધ છે. હાલમાં ઘાયલ કાર્યકરોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને પોલીસ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી રહી છે.

# AI સમિટમાં કોંગ્રેસના વિરોધ સામે ભાજપના દેશવ્યાપી પ્રદર્શન કર્યા


નવી દિલ્હી, તા.૨૧

ભારત મંડપમ ખાતે યોજાયેલી 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ'માં યુવા કોંગ્રેસના વિરોધ પ્રદર્શન બાદ રાજકીય ગરમાવો આવ્યો છે. ભાજપે આ કૃત્યને 'દેશ વિરોધી' ગણાવી દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કર્યા છે. ભાજપ સાંસદ મનોજ તિવારીએ જણાવ્યું કે જ્યારે ૮૦થી વધુ દેશો ભારતની AI ક્ષમતાની પ્રશંસા કરી રહ્યા છે, ત્યારે આવા આંતરરાષ્ટ્રીય મંચ પર વિરોધ કરવો એ દેશની છબી ખરાબ કરવા સમાન છે. ભાજપ પ્રદેશ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ રાહુલ ગાંધી પર પ્રહાર કરતા કહ્યું કે વડાપ્રધાનનો વિરોધ કરવામાં કોંગ્રેસ હવે દેશના હિતો વિરુદ્ધ જઈ રહી છે. બીજી તરફ, પોલીસે વિરોધ પ્રદર્શન બદલ યુવા કોંગ્રેસના ચાર સભ્યો-કૃષ્ણ હરિ, કુંદન યાદવ, અજય કુમાર અને નરસિંહ યાદવની ધરપકડ કરી પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કર્યા હતા.

# માઈક્રોસોફ્ટનો મોટો નિર્ણયઃ ગ્લોબલ સાઉથમાં AI માટે ૫૦ બિલિયન ડોલરના રોકાણની જાહેરાત

નવી દિલ્હી તા.૨૧

નવી દિલ્હીમાં આયોજિત 'AI ઈમ્પેક્ટ સમિટ'માં ગૂગલ બાદ હવે માઈક્રોસોફ્ટે પણ રોકાણનો ખજાનો ખોલ્યો છે. માઈક્રોસોફ્ટના વાઈસ ચેરમેન બ્રેડ સ્મિથે જાહેરાત કરી છે કે કંપની વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત સહિતના 'ગ્લોબલ સાઉથ' દેશોમાં AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કૌશલ્ય વિકાસ માટે ૫૦



બિલિયન ડોલર (આશરે રૂ. ૪ લાખ કરોડ)નું રોકાણ કરશે.


બ્રેડ સ્મિથે જણાવ્યું હતું કે AIના લાભો હાલ વિશ્વમાં સમાન રીતે વહેંચાયેલા નથી. આ રોકાણ દ્વારા ભારત, આફ્રિકા અને લેટિન અમેરિકા જેવા દેશોમાં ડેટા સેન્ટર્સ, ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્થાનિક AI કૌશલ્ય તાલીમ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ખાસ કરીને ભારતને AI વૃદ્ધિનું મુખ્ય કેન્દ્ર ગણાવીને અહીંના સ્ટાર્ટઅપ્સ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને AI ટૂલ્સ સાથે જોડવાની યોજના છે. આ પહેલથી શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફારો આવવાની અપેક્ષા છે.

# ભિંડ-ગ્વાલિયર નેશનલ હાઈવે પર બસ અને કાર વચ્ચે અકસ્માતમાં પાંચના મોત, ૬ ઘાયલ

ભિંડ, તા.૨૧

મધ્યપ્રદેશના ભિંડ-ગ્વાલિયર રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૭૧૯ પર એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. ગોહાડ પોલીસ સ્ટેશન વિસ્તારના છિમકા ગામ નજીક એક ખાલી બસ અને મુસાફરોથી ભરેલી ઈકો કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ દુર્ઘટનામાં ૪ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે એક વ્યક્તિએ હોસ્પિટલ જતી વખતે



દમ તોડ્યો હતો. અકસ્માતમાં ઘાયલ થયેલા ૬ લોકો પૈકી બેની હાલત ગંભીર હોવાથી તેમને ગ્વાલિયર રિફર કરવામાં આવ્યા છે.મળતી માહિતી મુજબ, બસ લગ્ન પ્રસંગ પતાવીને ગ્વાલિયર પરત ફરી રહી હતી, જ્યારે ઈકો કાર ગ્વાલિયરથી ભિંડ તરફ જઈ રહી હતી. મૃતકોમાં પટવારી અને ભૂતપૂર્વ સૈનિક જગદીશ ભદોરિયા તથા અતુલ શિવહરેની ઓળખ થઈ છે. અકસ્માત એટલો ગંભીર હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ હાઈવે પર વારંવાર થતા અકસ્માતોને પગલે સ્થાનિકોમાં વહીવટીતંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને માર્ગ સુરક્ષાના નક્કર પગલાં લેવાની માંગ ઉઠી છે.

# ગોંડલમાં સમાધી સ્મારક સામે ગંદકી મુદ્દે તંત્ર પર આક્ષેપો સાથે આંદોલનની ચીમકી

ગોંડલ,તા.૨૧

ગોંડલના પાંજરાપોળ પુલ પાસે સ્થિત પ્રજાવત્સલ રાજવી સર ભગવતસિંહના સમાધી સ્મારક સામે કચરો અને ગંદકીના ઢગલા જમા થતાં રાજકીય માહોલ ગરમાયો છે. આ મુદ્દે મહિલા નેતા જીગીશાબેન પટેલ સ્થળ પર દોડી જઈ "ગોંડલ ભાજપનો ગંધાતો વિકાસ" જેવા બેનરો સાથે નગરપાલિકા તંત્ર સામે વિરોધ નોંધાવ્યો હતો. તેમણે જણાવ્યું કે આ વિસ્તાર વોર્ડ નં. ૧૦માં આવે છે અને અહીંના ચૂંટાયેલા સભ્ય અશ્વિનભાઈ રૈયાણી હાલ નગરપાલિકાના પ્રમુખ છે, તેથી આ પરિસ્થિતિ



તસવીર : ભોજાણી દેવાંગ

શરમજનક છે.જીગીશાબેને આક્ષેપ કર્યો કે શહેરની સફાઈ માટે જામનગરની જાનવી કન્સ્ટ્રક્શન કંપનીને દર મહિને અંદાજે ૪૨ લાખ રૂપિયાનું ચુકવણું થાય છે, છતાં શહેરમાં ગંદકી યથાવત છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે સફાઈના નાણા ક્યાં વપરાય છે? સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો આંદોલન કરવાની ચેતવણી પણ આપી હતી.

# કોડીનાર-ભાવનગર એસટી બસ સેવા ફરી શરૂ કરવા માંગણી

કોડીનાર, તા. ૨૧

કોડીનાર એસટી ડેપો દ્વારા સંચાલિત કોડીનાર-ભાવનગર (વાયા ઊના, મહુવા) રૂટની બસ સેવા છેલ્લા કેટલાક વર્ષોથી ટૂંકાવી દેવાતા સ્થાનિક મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અગાઉ આ બસ સેવા ભાવનગર સુધી જતી હતી, પરંતુ હાલ તેને માત્ર મહુવા સુધી જ મર્યાદિત કરી દેવામાં આવી છે.અગાઉ આ બસ સવારે ૫:૪૫ કલાકે ઉપડીને બપોરે ૧૨:૦૦ વાગ્યે ભાવનગર પહોંચી જતી હતી, જેના કારણે વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગ સમયસર પોતાનું કામ પતાવી શકતા હતા. હાલ ભાવનગર જવા માટે મુસાફરોએ સવારે ૭:૧૫ વાગ્યે આવતી વડોદરા રૂટની બસ પર આધાર રાખવો પડે છે, જે બપોરે ૨:૦૦ વાગ્યે ભાવનગર પહોંચાડે છે. આ વિલંબને કારણે મુસાફરોનો આખો દિવસ વેડફાય છે. વળી, ભાવનગરથી પરત આવવા માટે પણ સાંજે છેક ૭:૦૦ વાગ્યાની પોરબંદરવાળી બસની રાહ જોવી પડે છે.

# અમરેલી નાગરિક બેંકના ચેરમેન અને વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી

અમરેલી,તા.૨૧

અમરેલી નાગરિક સહકારી બેંકના ચેરમેન તથા વાઈસ ચેરમેનની તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી હાલમાં બેંકમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીમાં બિનહરીફ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી જેમાં અમરેલી નાગરિક બેંકના ચેરમેન તરીકે વનરાજભાઈ પટેલ તથા વાઈસ



ચેરમેન તરીકે કમલેશભાઈ ગરણીયાને બિનહરીફ ચૂંટવામાં આવ્યા હતા બેંકના ચેરમેન અને વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી થતા બંને હોદ્દેદારોએ તમામ બોર્ડ ઓફ ડિરેક્ટરનો તેમજ સભાસદોનો આભાર માન્યો હતો.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૮૦/૨૦૨૫

અરજદારશ્રીઃ- દુધાત મુકેશભાઈ શિવાભાઈ,
રે.૩૦૧, સાગર એપાર્ટમેન્ટ, કેશવ પાર્ક, પુણાગાર ચોરાસી સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- ૧. તકમશ્રી, મોટા ઝીંઝુડા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદીશ્રી દુધાત રળીયાતબેન વિરજીભાઈનું મરણ તા.૨૦/૧૨/૧૯૯૬ ના રોજ મુ.મોટાઝીંઝુડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**



**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૮૧/૨૦૨૫
તા.૦૭/૧૦/૨૦૨૫

અરજદારશ્રીઃ- દુધાત મુકેશભાઈ શિવાભાઈ,
રે.૩૦૧, સાગર એપાર્ટમેન્ટ, કેશવ પાર્ક, પુણાગાર ચોરાસી સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- ૧. તકમશ્રી, મોટા ઝીંઝુડા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદાશ્રી દુધાત વિરજીભાઈ ગોવિંદભાઈનું મરણ તા.૧૫/૧૧/૧૯૮૦ ના રોજ મુ.મોટા ઝીંઝુડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


# ગીરગઢડા ઝુડવડલી પાસે સિંહ પરિવારે ગાયનું મારણ કર્યું

ઉના,તા.૨૧

ઉના નજીક ઝુડવડલી ગૌશાળા પાસે સિંહ પરિવારે રાત્રિના સમયે એક ગાયનું મારણ કર્યું હતું. આ સિંહ પરિવારે કલાકો સુધી મારણની મિજબાની માણી હતી. આ વિસ્તાર સિંહના કાયમી વસવાટ માટે જાણીતો છે. સૌપ્રથમ સિંહણ અને સિંહબાળે મિજબાની માણી હતી, જ્યારે નર સિંહ આસપાસના વિસ્તાર પર નજર રાખી રહ્યો હતો જેથી તેમના



પરિવારને કોઈ ખલેલ ન પહોંચે. ત્યારબાદ, સિંહણ મારણથી થોડે દૂર બેસી ગઈ હતી અને નર સિંહે ભોજન લીધું હતું. રોડ પરથી પસાર થતા રાહદારીઓ અને સિંહપ્રેમીઓએ આ અદભુત દ્રશ્યો પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા. સિંહ પરિવારની આ હિલચાલ દિવસ દરમિયાન પણ ઝુડવડલી ગૌશાળા પાસે જોવા મળી હતી. આ વિસ્તારમાં સિંહ પરિવારનો કાયમી વસવાટ હોવાથી વન કર્મચારીઓ પણ સિંહની હિલચાલ પર સતત નજર રાખે છે. બાદમાં સિંહ પરિવાર નજીકની વાડીમાં રાતવાસો કરવા પહોંચી ગયો હતો. સામાન્ય રીતે, સિંહ પરિવાર બે થી ત્રણ દિવસ સુધી મારણ કરેલા વિસ્તારની નજીક રહેવાનું પસંદ કરે છે, જેથી રાત્રિના સમયે ફરીથી મારણ ખાઈ શકે.

# લીલીયાના પુંજાપાદર રોડ પર ૪૧૧ બોટલ વિદેશી દારૂ સાથે ત્રણ શખ્સ ઝડપાયા

અમરેલી,તા.૨૧



અમરેલી જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના હેઠળ અમરેલી એલસીબી ટીમે મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી. ચાવડાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે લીલીયા તાલુકાના પુંજાપાદર-આંબા રોડ પર દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે એક સફેદ રંગની મારુતિ ઈકો કારને અટકાવી તેની તલાશી લેતા ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪૧૧ બોટલ મળી આવી હતી. પોલીસે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જેતરા ઉર્ફે જેતુ ભુરીયા, સંજય માવી અને રાયસીંગ બંડેડીયાની ધરપકડ કરી છે. જયારે ભુસરસીંગ ઉર્ફે બચુ પચાયા ફરાર હોવાથી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. જપ્ત મુદ્દામાલમાં ૪૧૧ બોટલ (રૂ. ૬૯,૮૭૦), ત્રણ મોબાઈલ ફોન (રૂ. ૧૫,૦૦૦) અને ઈકો કાર (રૂ. ૨,૦૦,૦૦૦) મળી કુલ રૂ. ૨,૮૪,૮૭૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આરોપીઓને વધુ કાર્યવાહી માટે લીલીયા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની કાર્યકરોને શીખ, "પરિણામ લાવવા હોદ્દાથી બે ડગલાં નીચે ઉતરો"

ગાંધીનગર, તા.૨૧



ગુજરાતના પ્રવાસે આવેલા ભાજપના રાષ્ટ્રીય નેતા નીતિન નવીને 'શ્રી કમલમ' ખાતે સંગઠનના હોદ્દેદારો સાથેની બેઠકમાં કડક વલણ અપનાવ્યું હતું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, જો સારા પરિણામો પ્રાપ્ત કરવા હોય તો નેતાઓએ પોતાના જવાબદારીના સ્તરથી બે ડગલાં નીચે ઉતરીને જનતા વચ્ચે કામ કરવું પડશે. આ બેઠકમાં તેમની સાથે રાષ્ટ્રીય સંગઠન મંત્રી બી.એલ. સંતોષ પણ ઉપસ્થિત રહ્યા હતા. નીતિન નવીને નવનિયુક્ત જિલ્લા અને શહેર પ્રમુખોને ટકોર કરતા કહ્યું કે, જનપ્રતિનિધિઓની પોતાના વિસ્તાર અને સમુદાય પર મજબૂત પકડ હોવી અનિવાર્ય છે. તેમણે સોશિયલ મીડિયા પર સક્રિયતા વધારવા અને લોકો સાથે સીધો સંપર્ક રાખવા સૂચના આપી હતી. આ ઉપરાંત, તેમણે આંતરિક જૂથબંધી મામલે ઠપકો આપતા કહ્યું કે, "તમે તમારા જિલ્લામાં પોતાના લોકોને સેટ કરો છો અને પ્રભારી તરીકે બીજા જિલ્લામાં જઈ ન્યાયની વાતો કરો છો, આ નીતિ યોગ્ય નથી." આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે નીતિન નવીનનું આ આક્રમક તેવર સંગઠનમાં નવી ઉર્જા ફૂંકવા માટે મહત્વનું માનવામાં આવે છે.

# અમદાવાદમાં અમેરિકાથી વતન આવેલા યુવકને હનીટ્રેપમાં ફસાવી રૂ. ૨૦ લાખ પડાવ્યા

અમદાવાદ, તા.૨૧

અમેરિકાથી વતન આણંદ આવેલા એક યુવકને હનીટ્રેપમાં ફસાવી રૂ. ૨૦ લાખ પડાવી લેવાની ચકચારી ઘટના સામે આવી છે. ફેસબુક પર 'રિયા' નામની યુવતી સાથે સંપર્ક થયા બાદ, તેને નરોડાના એક મકાનમાં મળવા બોલાવવામાં આવ્યો હતો. યુવક ત્યાં પહોંચતા જ ત્રણ મહિલાઓએ તેને પ્રેમજાળમાં ફસાવી નિર્વસ્ત્ર કર્યો હતો. આ દરમિયાન છ શખ્સોએ ત્યાં ત્રાટકી પોતાની ઓળખ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ તરીકે આપી હતી. આરોપીઓએ યુવકનો વીડિયો ઉતારી, તેના પર બળાત્કારનો ખોટો કેસ કરવાની ધમકી આપી રૂ. ૫૦ લાખની ખંડણી માંગી હતી. ગભરાયેલા યુવકે પોતાના ભાણીયા મારફતે રૂ. ૨૦ લાખની રકમ આપી છુટકારો મેળવ્યો હતો. તાજેતરમાં રામોલ પોલીસે હનીટ્રેપના અન્ય આરોપીઓને પકડતા, ભોગ બનનાર યુવકે હિંમત કરી નરોડા પોલીસ સ્ટેશનમાં કુલ નવ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# મહેસાણાના ઉનાવા પાસે કાર ડિવાઈડર સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત, એક જ પરિવારના ૪ સભ્યોના મોત

મહેસાણા, તા.૨૧



ઊંઝા-મહેસાણા હાઈવે પર ઉનાવા નજીક આજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. રાજસ્થાનમાં લગ્ન પ્રસંગ પતાવીને ઈકો કારમાં અમદાવાદ પરત ફરી રહેલા કુમાવત પરિવારે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર પૂરપાટ ઝડપે ડિવાઈડર સાથે અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કુરચો બોલી ગયો હતો અને પરિવારના ચાર સભ્યોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. મૃતકોમાં રામલાલ કુમાવત, કૈલાશભાઈ કુમાવત, કોમલબેન કુમાવત અને એક માસૂમ બાળકનો સમાવેશ થાય છે. આ દુર્ઘટનામાં અન્ય ૬ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મૂળ રાજસ્થાનના પાલીના વતની અને હાલ અમદાવાદના રામોલમાં રહેતા આ પરિવારમાં માતમ છવાઈ ગયો છે. ઘટનાની જાણ થતા જ પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાઈવે પર સર્જાયેલા ટ્રાફિક જામને પણ પોલીસે હળવો કર્યો હતો.

# સુરતના કીમ-ઓલપાડ હાઈવે પર કાર ડ્રેનેજમાં ખાબકતા બે મહિલાઓના મોત

સુરત, તા.૨૧

સુરત જિલ્લાના કીમ-ઓલપાડ હાઈવે પર આર્યમ સ્કૂલ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે જતી સ્વિફ્ટ કાર અચાનક બેકાબૂ બની રોડની બાજુમાં આવેલી ખુલ્લી ડ્રેનેજમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં કારમાં સવાર બે મહિલાઓ, ઝંખનાબેન મેસુરિયા અને વર્ષાબેન મિસ્ત્રીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પ્રાથમિક વિગતો મુજબ, રસ્તામાં અચાનક ભૂંડ આડું ઉતરતા ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હોવાની શક્યતા છે. અકસ્માત થતા જ બોલાવ ગામના સ્થાનિકો બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓને કારણે બંને મહિલાઓને બચાવી શકાયા ન હતા. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના યુટ્યુબરે કિર્તી પટેલના ત્રાસથી ફિનાઈલ ગટગટાવી લેતા ખળભળાટ

જૂનાગઢ,તા.૨૧



જૂનાગઢમાં વિવાદોથી ઘેરાયેલી કીર્તિ પટેલ સામે વધુ એક પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જૂનાગઢના યુટ્યુબર અબજલ સીડાએ કીર્તિ પટેલ અને તેની ટોળકીના ત્રાસથી કંટાળી ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું ફરિયાદમાં ઉલ્લેખાયું છે. પોલીસે કીર્તિ પટેલ, દિવ્યા અને અન્ય ત્રણ લોકો સામે ગુનો દાખલ કર્યો છે. માહિતી અનુસાર, મૃગીકુંડમાં સ્નાન કરવાના બનાવને લઈ વિવાદ ઉભો થયો હતો. આ ઘટનાને લઈને અબજલ સીડાએ યુટ્યુબ પર લાઈવ પ્રસારણ કર્યું હતું. જેના કારણે કીર્તિ પટેલના ફોલોઅર્સ ઘટ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ફરિયાદ મુજબ, અબજલ પાસે રૂ. ૨૦ લાખની ખંડણી માંગવામાં આવી અને ખોટા દુષ્કર્મ કેસમાં ફસાવવાની ધમકી આપવામાં આવી હતી.આ માનસિક દબાણને કારણે અબજલે બે વાર ફિનાઈલ પી લીધું હતું. તાત્કાલિક સારવાર માટે તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. નોંધનીય છે કે છેલ્લા સાત દિવસમાં કીર્તિ પટેલ સામે જૂનાગઢમાં ત્રીજી ફરિયાદ નોંધાઈ છે. દિવ્યાએ ફરિયાદ બાદ મીડિયા સમક્ષ પોતાની રજૂઆત કરી હતી. બાદમાં તેણે પણ ફિનાઈલ પી લીધાનું અને તેનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર મૂક્યો હોવાનું સામે આવ્યું છે.

# દાંતામાં બે બાઈક સામસામે અથડાતા ગમખ્વાર અકસ્માત, ત્રણ યુવાનોના ઘટનાસ્થળે જ કરુણ મોત

પાલનપુર, તા.૨૧




બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. દાંતાના નવાવાસથી જીતપુરને જોડતા માર્ગ પર બે પૂરપાટ ઝડપે આવતી મોટરસાયકલો સામસામે ધડાકાભેર અથડાતા ત્રણ યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને બાઈકોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને માર્ગ પર લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ અડેરણ ગામના ગ્રામજનો અને રાહદારીઓ તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓના કારણે ત્રણેય યુવાનોએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો. દાંતા પોલીસના કાફલાએ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસે બાઈક નંબરના આધારે મૃતકોની ઓળખ વિધિ અને તેમના પરિવારજનોનો સંપર્ક કરવાની તજવીજ હાથ ધરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ અકસ્માતનું મુખ્ય કારણ ઓવરસ્પીડ હોવાનું મનાઈ રહ્યું છે. એકસાથે ત્રણ આશાસ્પદ યુવાનોના મોતથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# કચ્છના પધ્ધર દારૂ કેસમાં PI અને PSI સહિત ૫ પોલીસકર્મીઓ સસ્પેન્ડ

કચ્છ, તા.૨૧



કચ્છના પધ્ધરમાંથી સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ઝડપાયેલા ૪ કરોડના દારૂના કેસમાં રેન્જ આઈજી ચિરાગ કોરડીયાએ લાલ આંખ કરી છે. ફરજમાં બેદરકારી બદલ પધ્ધરના PI એ.જી. પરમાર અને PSI વાય.એસ. ઝાલા સહિત પાંચ પોલીસકર્મીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ થયેલા અન્ય પોલીસકર્મીઓમાં ASI મહેન્દ્રસિંહ જાડેજા, ASI મહિપાલસિંહ અને હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, LCBના PI એ.એમ. મકવાણા અને PSI જાદવની લીવ રિઝર્વમાં બદલી કરવામાં આવી છે, જ્યારે સમગ્ર ડી-સ્ટાફને હેડ ક્વાર્ટરમાં ખસેડી દેવાતા પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.


પ્લોટ જોઈએ છે
રાજકોટથી નજીકના ગામમાં રોકાણ લાયક પ્લોટો ૨૦૦ વાર થી ૫૦૦૦ હજાર વાર સુધીના
કાલાવડ રોડ, મૌટામવા, મુંજકા, હરીપર, વિરડા વાજડી, ઈશ્વરીયા, અમરેલી, દેવગામ, આણંદપર, છાપરા, મૌટાવડા તેમજ મોરબી રોડ હડાળા, રતનપર, મિતાણા, કુવાડવા રોડ, નાગલપર પીપડીયામાં
કોન્ટેક : કિર્તીભાઈ કંસારા
98251 60974 • 70467 10111
ફક્ત વેચનારે કોન્ટેકટ કરવો
સમય : ૧૦ થી ૧, ૪ થી ૮


# 'આપ' સાથે છેડો ફાડ્યા બાદ રાજુ કરપડાની કોંગ્રેસ નેતાઓ સાથે ગુપ્ત બેઠક

અમદાવાદ, તા.૨૧

આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપ્યા બાદ ખેડૂત આગેવાન રાજુ કરપડાની આગામી વ્યૂહરચનાને લઈ રાજકારણ ગરમાયું છે. ગત મોડી રાતે અમદાવાદમાં રાજુ કરપડાએ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, લાલજી દેસાઈ અને પાલ આંબલિયા સાથે બેઠક યોજી હતી. આ મુલાકાત બાદ રાજુ કરપડા કોંગ્રેસમાં 'ઘરવાપસી' કરે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, રાજુ કરપડા અગાઉ લાંબો સમય કોંગ્રેસમાં સક્રિય હતા. તેમના રાજીનામા બાદ મુળી તાલુકાના અંદાજે ૫૦ જેટલા 'આપ' કાર્યકરોએ પણ સામુહિક રાજીનામા આપ્યા છે. પાલ આંબલિયાએ આ મુલાકાતને પારિવારિક ગણાવી હતી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ તેમને પક્ષમાં જોડવા મથામણ કરી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં હવે રાજુ કરપડા કયા પક્ષનો ખેસ ધારણ કરશે તે અંગે તર્ક-વિતર્ક તેજ બન્યા છે.

# રાજકોટના જંગલેશ્વર સહિતના વિસ્તારો પર દાદાનું બુલડોઝર ફરી વળશે

રાજકોટ,તા.૨૧

રાજકોટના જંગલેશ્વર સહિતના વિસ્તારોમાં ૧૪૦૦થી વધુ ગેરકાયદે મિલકતો પર બુલડોઝર ફેરવવા રાજકોટ મહાનગરપાલિકા અને પોલીસતંત્ર સજ્જ છે.

વહેલી સવારે ભક્તિનગર સર્કલ પાસે શેઠ હાઈસ્કૂલમાં મોટી કોર્પોરેશનના ૧૨૦૦થી વધુ અને પોલીસ વિભાગના ૧૫૦૦થી વધુ અધિકારીઓ-કર્મચારીઓ એકત્ર થયા હતાં. સાથે જ કોર્પોરેશનના ત્રણેય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, દબાણ હટાવ શાખા, વિજિલન્સ સમિતિ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ પણ જોડાયા છે.


સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જ્વેલરી
રોઝ ગોલ્ડ તથા વ્હાઈટ ગોલ્ડ જ્વેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોનઃ ૦૨૭૯૨- ૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ
(TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા)
મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
STAR
TATA AIG INSURANCE WITH YOU ALWAYS
Medi Assist
SBI general
care
RELIANCE Health Insurance
BAJAJ Allianz
ડો.અભિષેક ઠાકર
ચિત્તલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭,૨૩૩૫૬૫

naari IVF
"નવી આશા, નવી યાત્રા"
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.7862037707

સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ
ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા માટે YouTube ચેનલમાં TIGER BORWELL સબસ્ક્રાઈબ કરો
કુવાના આડા બોર
૩ ઈંચ થી ૪॥। - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર TIGER BORWEL બોરવેલ
પિયુષભાઈ પટેલ મો.૯૮૨૫૨ ૧૨૬૭૪